RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 147, Dt.05-09-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આનંદો! પેટ્રોલ - ડિઝલનાં ભાવ ઘટવાની સંભાવના

## આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડનો ભાવ વર્ષનાં સૌથી નીચલા સ્તરે : ક્રુડ સસ્તુ થતા ઓઈલ કંપનીઓને બખ્ખાઃ ક્રુડના ભાવ ઘટાડાનો લાભ શું પ્રજાને મળશે ? ઉઠતો સવાલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નવી દિલ્હી, તા.૫: મોંઘવારીનો માર સહન કરી રહેલા સામાન્ય લોકો માટે સારા સમાચાર છે. દેશમાં ટૂંક સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. તેનું કારણ એ છે કે ક્રૂડ ઓઈલની કિંમત જાન્યુઆરી પછીના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ છે. આનાથી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નફામાં વધારો થયો છે અને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરવાનો અવકાશ ઉભો થયો છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા પેટ્રોલ અને ડીઝલના ઊંચા ભાવથી રાહત મળી શકે છે. હાલમાં દેશના ઘણા શહેરોમાં પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાથી વધુ છે જ્યારે ડીઝલ પણ ૯૦ રૂપિયાની આસપાસ છે.

બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડની કિંમત ભારતના ક્રૂડ ઓઈલ પ્રાપ્તિ ખર્ચને અસર કરે છે. બુધવારે તેની કિંમત ૭૩.૫૮ ડોલર પ્રતિ બેરલ પર રહી. મંગળવારે તેની કિંમત ૫% ઘટી હતી અને આ વર્ષના રેકોર્ડ નીચલા સ્તરની નજીક પહોંચી ગઈ હતી. ખાસ કરીને ચીનમાં માંગમાં મંદીના કારણે કાચા તેલની કિંમતમાં ઘટાડો થયો છે. નિષ્ણાતો કહે છે કે લિબિયાના સપ્લાય માર્કેટમાં પાછા ફરવાને કારણે વધુ સપ્લાયની શકયતા, ઓક્ટોબરથી ઘડઉઈ+ જૂથના સ્વૈચ્છિક ઉત્પાદનમાં ઘટાડો અને જૂથની બહારનાસ્રોતોમાંથી ઉત્પાદનમાં વધારો તેલના ભાવ પર દબાણ લાવી રહ્યું છે.

ઈંધણના ભાવમાં સતત ઘટાડો થવાથી ઈંધણના રિટેલર્સ, ખાસ કરીને સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના માર્જિનમાં વધારો થયો છે. આ કંપનીઓ સ્થાનિક બજારમાં ૯૦% હિસ્સો ધરાવે છે. સરકારે સામાન્ય ચૂંટણી પહેલા ૧૪ માર્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. મે ૨૦૨૨ પછી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આ પ્રથમ ઘટાડો હતો. એપ્રિલમાં મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસિસના અહેવાલમાં અંદાજ છે કે આ કાપ છતાં, સરકારી કંપનીઓએ એપ્રિલમાં પ્રતિ લિટર રૂ. ૨ કરતાં વધુ માર્જિન મેળવ્યા હતા. ત્યારે ભારતીય બાસ્કેટ માટે ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત બેરલ દીઠ ૮૯.૪૪ હતી. અત્યાર સુધીમાં તેમાં વધુ વધારો થયો હશે કારણ કે સપ્ટેમ્બરમાં તેની સરેરાશ ૭૬ હતી.

પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે સરકાર પેટ્રોલ અને ડીઝલના




ભાવમાં ઘટાડો કરશે કે નહીં. ફાઈનાન્શિયલ સર્વિસ કંપની ઞઈજઅે ઓઈલ માર્કેટમાં ઓછો પુરવઠો હોવાનો દાવ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે નજીકના ભવિષ્યમાં કાચા તેલની કિંમત અસ્થિર રહી શકે છે. ગોલ્ડમેન સેક્સે પણ તે પ્રતિ બેરલ ૭૦-૮૫ રહેવાનો અંદાજ મૂકયો છે. જો વર્તમાન નીચી કિંમતો લાંબો સમય ન ચાલે અને ૮૫ પર સ્થિર થાય તો સરકાર હજુ પણ આરામદાયક સ્થિતિમાં રહેશે. આ સાથે તે સરકારી રિટેલર્સને સ્વેચ્છાએ પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખવા માટે કહી શકે છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઘટાડાથી સરકારી ઓઈલ કંપનીઓને ઘણો ફાયદો થશે. તેમને ક્રૂડ ઓઈલ સસ્તામાં મૃશે, પરંતુ સામાન્ય લોકોને તેનો ફાયદો થશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે, કારણ કે ઓઈલ કંપનીઓ ભૂતકાળની ખોટનું બહાનું બનાવીને ભાવ ઘટાડા મુલતવી રાખે છે અને કેન્દ્ર સરકાર પણ મૂક પ્રેક્ષક બનીને રહે છે. ઓગસ્ટ ૨૦૨૪માં, સરકારી તેલ કંપનીઓ પેટ્રોલ પર પ્રતિ લિટર રૂ. ૯.૩ અને ડીઝલ પર રૂ. ૭.૬ પ્રતિ લિટર કમાણી કરતી હતી, જે હવે પ્રતિ લિટર રૂ. ૧૩-૧૪ થવાની ધારણા છે.

# ભારતમાં દુષ્કર્મના ૧૦માંથી ૭ કેસોમાં આરોપીને સજા થતી નથી

## પોલીસની ઢીલી – નબળી તપાસ, લાંબી કાનુની પ્રક્રિયા, સામાજીક દબાણ સહિતના કારણોસર

## વિવિધ પ્રકારના અત્યાચારોમાં મહિલાઓને યોગ્ય અને સમયસર ન્યાય મળતો નથી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોલકતામાં મહિલા તબીબ પર બળાત્કાર અને હત્યાની ઘટના બાદ દેશભરમાં ફેલાયેલા જનાક્રોશ વચ્ચે એવો ચોંકાવનારો આંકડાકીય રીપોર્ટ જાહેર થયો છે કે ભારતમાં બળાત્કારનાં ૧૦ માંથી ૭ કેસોમાં આરોપીઓને કોઈ સજા થતી નથી.

ભારતમાં ૨૦૨૨ માં બળાત્કારનાં ૩૨૦૦૦ કેસ નોંધાયા હતા. ૧૩૦૦૦ જુના કેસ પેન્ડીંગ હતા એટલે પોલીસને આવા ૪૫૦૦૦ કેસોની તપાસ કરવાનો પડકાર હતો. આરોપીઓને સજા કરવાને લાગેવળગે છે ત્યાં સુધી આખા વર્ષમાં ૪૫૦૦૦ માંથી માત્ર ૨૬૦૦૦ કેસોમાં આરોપનામા (ચાર્જશીટ) દાખલ થયા હતા.

જે ટકાવારીની દ્રષ્ટિએ ૬૦ ટકાથી પણ ઓછા હતા. ૨૦૨૨ માં જ નોંધાયેલા તમામ કેસોમાં પણ ચાર્જશીટ થઈ શકયા ન હતા. માત્ર બળાત્કાર જ નહિં, મહિલાઓ સામે અત્યાચારના જુદા જુદા ૧૧ પ્રકારના કેસોમાં પણ સમાન હાલત હતી.

બળાત્કાર જેવા જધન્ય અપરાધ છતાં ચાર્જશીટ ન થવા કે આરોપી છુટી જવા મામલે પોલીસની ઢીલી નબળી તપાસને જવાબદાર ગણવામાં આવે છે.બે લાખ કેસો ટ્રાયલ પર હતા તેમાંથી માત્ર ૧૮૦૦૦ કેસો જ ટ્રાયલ પૂર્ણ થઈ શકી હતી.

બળાત્કાર કેસોમાં સજા-દોષિતની ટકાવારી પણ ૨૭.૪ ટકા જ હતી. અર્થાત ૧૦ માંથી ૭ કેસોમાં આરોપી છૂટી ગયા હતા. ભારતમાં ૧૫૦૦ માંથી દર એક મહિલા કોઈને કોઈ



ગુન્હાહીત અત્યાચારનો ભોગ બને છે ભારતમાં મહિલાઓની વસતીના ધોરણે દર એક લાખે ૬૬.૪ મહિલાઓ અત્યાચારનો ભોગ બને છે.જોકે નહીં નોંધાતા ગુનાની સંખ્યા ઘણી વધારે હોવાનું અનુમાન છે.

મહિલાઓ માટે અસુરક્ષીતની શ્રેણીમાં ગણાતા પાટનગર દિલ્હીમાં ૨૦૨૨ માં દર એક લાખે ૧૫૦ મહિલાઓ પર અત્યાચારનાં કેસ દાખલ થયા હતા. અર્થાત ૭૦૦ માંથી એક મહિલા અત્યાચારનો ભોગ બની હતી અને દેશભરમાં આ પ્રમાણ સૌથી વધુ છે. કેન્દ્ર શાસીત પ્રદેશો તથા પૂર્વોતર રાજયોમાં મહિલાઓ સૌથી સુરક્ષીત હોય તેમ આ ક્ષેત્રોમાં મહિલાઓ પરના અત્યાચારનાં કેસો સૌથી ઓછા છે.

# પીએમ મોદીની મુલાકાતની ફલશ્રુતિઃ ભારતમાં સિંગાપોર ૯૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરશે

## નવીનીકરણીય ઉર્જા અને રિયલ એસ્ટેટનાં ક્ષેત્રમાં બન્ને દેશો મળીને કામ કરશે

**મુખ્ય સમાચાર,સિંગાપોર**

પીએમ મોદી બ્રુનેઈની મુલાકાત લીધા બાદ ૨ દિવસની મુલાકાતે સિંગાપુર પહોંચ્યા હતા. અહીં વડાપ્રધાન લોરેન્સ વોંગે તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતું. જે બાદમાં બંને નેતાઓએ ડિનર પણ લીધું હતું જેનું આયોજન વડાપ્રધાન વોંગ દ્વારા પીએમ મોદીના સન્માનમાં કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સિંગાપોરના સંસદ ભવન ખાતે ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંગાપોરના સંસદ ભવનમાં તેમના સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગ સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાન મોદીના સિંગાપોરમાં પ્રવાસ



દરમ્યાન ત્યાંની કંપનીઓ ભારતમાં રોકાણમાં ખાસ્સો રસ દાખવી રહી છે. સિંગાપોરની કેપીટલ લેન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની (સીએલઆઈ)એ બુધવારે જાહેરાત કરી હતી કે તે આગામી ચાર વર્ષમાં ભારતમાં રોકાણની રકમ બે ગણી કરશે. કંપની વર્ષ ૨૦૨૮ સુધીમાં ભારતમાં ૧૧.૩૨ અબજ ડોલર (૯૦ હજાર કરોડ રૂપિયાથી વધુ) રોકાણ કરશે.કંપનીએ જણાવ્યું હતુંકે ભારતમાં આ રોકાણ રીન્યુએબલ એનર્જી અને રિયલ એસ્ટેટ સેકટરમાં કરવામાં આવશે સમુહના સીઈઓ લી સ કુન કહ્યું-ભારત અમારા માટે એક રણનીતિક બજાર છે અને સીએલઆઈના સમગ્ર વ્યવસાયમાં ભારતનું મોટુ યોગદાન છે. મોદીએ પહેલા કાર્યકાળમાં સિંગાપોરની યાત્રા કરી હતી અને હવે તે બીજી વાર ત્યાં પહોંચ્યા છે. પ્રવાસી ભારતીય અને નેશનલ યુનિવર્સીટી ઓફ સિંગાપોરનાં છાત્ર અંકીતે કહ્યું હતું કે મોદીના કારણે દુનિયામાં ભારતની મજબુત છબી બની છે.

ઉલ્લેખનીય છે કે સીધુ વિદેશી રોકાણ કરનારામાં સૌથી મોટો દેશ સિંગાપોર છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સિંગાપોરથી ભારતમાં ૧૧.૭૭ અબજ ડોલરનું સીધુ રોકાણ થયુ છે.

# હરિયાણામાં ૨૭ નવા ચહેરા સાથે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરતું ભાજપ

## ભાજપને મોટો ઝટકો : હરિયાણા બીજેપી કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ સુખવિંદર મંડીએ રાજીનામુ આપી દીધું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી સમયમાં યોજાનારી પ્રતિષ્ઠાના જંગ જેવી હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૨૭ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે જેમાં ત્રણ મંત્રીઓ સહિત આઠ ધારાસભ્યોને પડતા મૂકયા છે. જયારે ૨૭ નવા ચહેરાને ટીકીટ આપી છે. હાલમાં જ જનનાયક જનતા પાર્ટીનો સાથ છોડી ભાજપ સાથે જોડાયેલા પાંચ ધારાસભ્યોને કમળના નિશાન પર લડવા ભાજપે ટીકીટ આપી છે.

હરિયાણામાં હાલ ભાજપ સત્તાવિરોધી લહેરમાં સામનો કરી રહ્યો હોવાનું માનવામાં આવે છે અને તેથી અંદાજે ૪૦ બેઠકો પર ઉમેદવારો બદલ્યા છે. મુખ્યમંત્રી નાયબસિંહ સેનીની બેઠક બદલીને હવે તેઓ કરનાલને બદલે કુરૂક્ષેત્રની લાડવા બેઠક પરથી ચૂંટણી લડશે તે નિશ્ચિત કર્યુ છે.

ખાસ કરીને મુખ્યમંત્રી પદના ઉમેદવાર મનતા પૂર્વ મુખ્યમંત્રી અનિલ બીજને પક્ષે ટીકીટ આપી છે. જયારે વિધાનસભાના નાયબ અધ્યક્ષ રણવીર ગંગવા પણ ટીકીટ મેળવવામાં સફળ રહ્યા છે. ભાજપની પ્રથમ યાદીમાં આઠ મહિલાઓને ટીકીટ આપી છે. ભાજપે આશ્ચર્ય સર્જતા પૂર્વ જેલર સુનીલ સાંગવાનને ટીકીટ આપી છે અને તેઓ ત્રણ દિવસ પહેલા ભાજપમાં સામેલ થયા હતા.

ઉલ્લેખનીય એ છે કે, દુષ્કર્મ સહિતના આરોપમાં લાંબી જેલ સજા ભોગવી રહેલો ડેરા સચ્ચા સોદાના વડા રામ રહિમને જે રીતે વારંવાર પેરોલ મળે છે તે જેલના જેલર તરીકે સુનીલ સાંગવાને લાંબો સમય કામગીરી કરી છે અને રામ રહીમને પેરોલ આપવા બદલ ભાજપે તેને રીટર્ન ગીફટ આપ્યાનું માનવામાં આવે છે.

ભારતીય કબડ્ડી ટીમના પૂર્વ કેપ્ટન દિપક હુડા મહમ વિધાનસભા બેઠકની ટીકીટ આપી છે. કોંગ્રેસ સહિતને વારંવાર પરિવારવાદ પર નિશાને લેતા ભાજપે હરિયાણાના પાંચ નેતાઓના પરિવારોને ટીકીટ આપી છે.જેમાં



કુલદીપ બૈશ્નવના ધારાસભ્ય પુત્ર ભવ્ય બૈશ્નવ, કિરણ ચૌધરીની પુત્રી શ્રુતિ ચૌધરી, કેન્દ્રીય રાજય મંત્રી રાવ ઈન્દ્રજીતસિંહની પુત્રી આરતી રાવ, વિનોદ શર્મા પત્ની શકિત રાની અને સતપાલ સાંગવાનના પુત્ર અને પૂર્વ જેલર સુનીલ સાંગવાનને પક્ષે ટીકીટ આપી છે. રાજયસભાના સાંસદ કૃષ્ણપાલ પવારને ભાજપે ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. જોકે ભાજપે પહેલવાન યોગેશ્વરદાસ અને બબીતા ફોગટને ટીકીટ આપી નથી. જયારે પૂર્વ હોકી ખેલાડી સંદીપસિંહને પણ પક્ષે નિરાશ કર્યા છે.

# અમેરિકાની સ્કુલમાં અંધાધુંધ ગોળીબારઃ ચાર લોકોના મોતઃ 30 થી વધુ ઘાયલ


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અમેરિકામાં બેફામ ગન કલ્ચરથી વધુ એક હત્યાકાંડ સર્જાયો હોય તેમ જયોજીર્યાની સ્કુલમાં બેફામ ગોળીબાર થતા ચાર લોકોનાં મૃત્યુ નીપજયા હતા. આ ઉપરાંત વિન્ડરની હાઈસ્કુલમાં અંધાધુંધ ગોળીબારથી 30 લોકો ઘાયલ થયા હતા.

ગોળીબારની આ ઘટનાથી અમેરીકી પ્રમુખ જો બાઈડન સખત નારાજગી દર્શાવી હતી અને હવે આ પ્રકારનાં ઘટનાક્રમ સાંખી શકાય તેમ ન હોવાનું જાહેર કર્યુ હતું.. અમેરિકાના સ્થાનિક મીડિયાના અહેવાલ પ્રમાણે પ્રત્યક્ષદર્શી વિદ્યાર્થી સર્જિયો કાલ્ડેરાએ દાવો કર્યો હતો કે જ્યારે અમે ગોળીબારનો અવાજ સાંભળ્યો ત્યારે અમે રસાયણશાસ્ત્રના કલાસમાં હતા.

૧૭ વર્ષીય કાલ્ડેરાએ જણાવ્યું કે, અમારા સાહેબે દરવાજો ખોલ્યો ત્યારે અન્ય શિક્ષક દોડીને આવ્યા અને તેમણે દરવાજો બંધ રાખવા કહ્યું. જ્યારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો એક કલાસમાં એકઠા થયા તો કોઈએ બહારથી જોરદાર રીતે દરવાજો ખખડાવ્યો અને બૂમો પણ પાડી. થોડીવાર પછી બધુ શાંત થયા પછી ફરી ગોળીબારનો અવાજ આવ્યો.

છેલ્લા બે દાયકામાં અમેરિકામાં શાળાઓ અને કોલેજોની અંદર ગોળીબારના સેંકડો મામલા સામે



આવ્યા છે. તેમાં સૌથી ભયંકર ઘટના ૨૦૦૭માં વર્જિનિયા ટેક ખાતે બની હતી, જેમાં 30 થી વધુ લોકોના મોત થયા હતા.

આ હત્યાકાંડે અમેરિકામાં બંદૂકના કાયદા અને અમેરિકન બંધારણમાં બીજા સુધારા અંગે ઉગ્ર ચર્ચા જગાવી હતી, જે હથિયાર રાખવા અને ખરીદવાના અધિકારની બાંયધરી આપે છે.

# મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવા ફરમાન જારી કરતાં પરિપત્ર વિરુદ્ધ હાઈકોર્ટમાં રિટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજયની સહકારી મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવા ફરમાન જારી કરતાં રાજયના જિલ્લા સહકારી રજિસ્ટ્રાર દ્વારા જારી પરિપત્રને પડકારતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાઈ છે.

રિટ અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે, જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો આ પરિપત્ર ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટીઝ એકટ-૧૯૬૧ની જોગવાઈઓથી વિરુધ્ધનો છે. સરકારના આ પરિપત્રથી બંધારણની કલમ-૪૩નો પણ ભંગ થતો હોઈ તે રદબાતલ થવાપાત્ર ઠરે છે.

કાયદાકીય જોગવાઈ, આરબીઆઈ ગાઈડલાઈન્સ કે બંધારણીય જોગવાઈથી ઉપરવટ જઈને સરકાર કે સત્તાવાળાઓ આવો કોઈપણ પરિપત્ર જારી કરી શકે નહી. ચોક્કસ પ્રકારની બેંકોમાં જ ખાતુ ખોલાવવા માટે સરકારના સત્તાવાળાઓ ફરજ પાડી શકે નહી. આમ કરવાની તેઓને કોઈ સત્તા જ નથી.

વળી, અગાઉ માધુપુરા બેંક જેવી અનેક બેંકો ફડચામાં જતાં હજારો થાપણદારોની મહેનત પરસેવાની કમાણી ડૂબી ગઈ છે. આ સંજોગોમાં જો સહકારી મંડળીઓના નાણાં એક જ મધ્યસ્થ સહકારી બેંકમાં મૂકવામાં આવે અને આવી બેંકો ફડચામાં જાય કે ડૂબી જાય તો, સહકારી મંડળીઓના રોકાણકારોની લાખો કરોડોની




ડિપોઝીટોની સલામતી અને આર્થિક સુરક્ષાને લઈ ગંભીર પ્રશ્નો ઉભા થાય.

આ સંજોગોમાં જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો પરિપત્ર ગેરકાયદે અને ગેરબંધારણીય હોઈ રદબાતલ ઠરાવવો જોઈએ. રિટ અરજીમાં આ વિવાદીત પરિપત્રની કાયદેસરતાને પડકારી સરકારનો આ પરિપત્ર આરબીઆઈની માર્ગદર્શિકાની વિરુધ્ધનો હોઈ તેને રદબાતલ ઠરાવવા દાદ મંગાઈ છે.

# ગમે તેટલો દંડ વધારો ટ્રાફિક નિયમ ભંગથી થતા અકસ્માતો ઘટતા નથી : ગડકરી

## દેશમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિનો સંપૂર્ણ અભાવ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં વધતા જતા વાહનો અને માર્ગોની નબળી પરિસ્થિતિ ઉપરાંત ટ્રાફિક સેન્સના અભાવના કારણે ટ્રાફિક ભંગના કેસ અને ખાસ કરીને અકસ્માતો વધી રહ્યા છે તેના પર અફસોસ દર્શાવતા કેન્દ્રીય માર્ગ વ્યવહાર મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, ટ્રાફિક દંડ ગમે તેટલો વધારો પરંતુ તેનાથી ટ્રાફિક ભંગના કેસ ઘટતા નથી અને વાસ્તવમાં આપણે માર્ગનો ઉપયોગ કરનારની ટ્રાફિક સેન્સ બદલવાની જરૂર છે.

ગડકરીએ જણાવ્યું કે, મોટર વ્હીકલ એકટ ૨૦૧૯માં ટ્રાફિક નિયમનો ભંગ બદલ ભારે દંડ અને લાયસન્સ સસ્પેન્ડ કરવાની જોગવાઈ છે પરંતુ લોકો ટ્રાફિક નિયમોને ગંભીરતાથી લેતા નથી અને દંડ કેટલો વધારવો તે પણ પ્રશ્ન છે. દેશમાં ટ્રાફિક ઉલ્લંઘનના કેસો વધી રહ્યા છે. માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારની સંખ્યા ૨૦૧૯માં ૧.૫૯ લાખ હતી તે ૨૦૨૨માં ૧.૬૮ લાખ સુધી પહોંચી ગઈ છે.

ગડકરીએ કહ્યું કે, કાનુન લાગુ કરવા છતાં પણ માર્ગ અકસ્માત કે મૃત્યુની સંખ્યામાં કોઈ ઘટાડો થયો નથી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આપણે બસ અને ટ્રક ચાલકોને ટ્રાફિક અંગે તાલીમ આપવી પડશે. જો તેઓ નિયમોને માનવા લાગશે તો સંભવ છે કે અકસ્માત અને મૃત્યુની સંખ્યા આપણે ઘટાડી શકીએ.

તેમને ઉમેર્યુ કે, ભારતીય રોડ ઉપરના ટ્રાફિકમાં લેન ડીસીપ્લીનનો



સંપૂર્ણ અભાવ છે. અનેક લેનના માર્ગ બનાવાયા હોવા છતાં વાહન ચાલક તેનો યોગ્ય રીતે ઉપયોગ કરતા નથી. ઉપરાંત માર્ગો ઉપર મહતમ સ્પીડ અંગેના નિયમો છે. તેનો ભાગ્યે જ પાલન થાય છે.

તેઓએ ઉમેર્યુ કે, દ્વિચક્રી વાહનો ચલાવનારમાં મૃત્યુની સંખ્યા વધુ છે અને ૨૦૨૨માં હેલ્મેટ નહીં પહેરવાથી ૫૦ હજારથી વધુના મૃત્યુ થયા. વાહનની સાથે હેલ્મેટ ફ્રી અથવા ઓછા ભાવે આપવા જરૂરી છે. જોકે જેઓ પાસે હેલ્મેટ છે તેઓ પણ ભાગ્યે જ તેનો ઉપયોગ કરતા હોય છે.

# જામનગર જિલ્લા પંચાયત ખાતે પોષણ માસ ઉજવણીની સમીક્ષા બેઠક યોજાઈ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર. સમગ્ર દેશમાં હાલમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરવામાં આવેલ ૭ માં પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૮ થી વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર મહિનામાં પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે. જામનગર જિલ્લા પંચાયત ભવન ખાતે જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૪ ની ઉજવણી અંતર્ગત સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર જિલ્લામાં તારીખ ૩૦/૦૯/૨૦૨૪ સુધી પોષણ માસની ઉજવણીના આયોજન વિશે વિવિધ કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે. ગ્રામ્ય કક્ષાએથી શહેર કક્ષા સુધી દરરોજ વિવિધ થીમ આધારિત દિવસો જેમાં એનીમિયા નાબુદી, બાળકોનો વૃધ્ધિ દેખરેખ (ગ્રોથ મોનીટરીંગ), પુરક આહાર, પોષણ ભી પઢાઈ ભી (ફઈફઈ), સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી, સર્વગ્રાહી પોષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિઓ થકી વિવિધ પ્રવૃત્તિઓ કરવા માટે જણાવવામાં આવ્યું હતું.આ સમગ્ર મહિના દરમિયાન સમિતિના લગત વિભાગો જેમ કે માહિતી, શિક્ષણ, આરોગ્ય વગેરે દ્વારા રોજેરોજની આયોજન મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરીને પોષણ અભિયાન જન આંદોલન ડેશબોર્ડ પર એન્ટ્રી કરવા, પોષણ એપનો કર્મચારીઓ નિયમિત ઉપયોગ કરે, મિલેટસનો પ્રચાર પ્રસાર વધે, વાલીઓને જાગૃત કરવા તેમજ અત્રેની કચેરીને નિયમિત અહેવાલ મોકલી આપવા માટે સૂચના આપવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ તમામ સ્તરે જિલ્લાના અધિકારીઓને આ પ્રવૃત્તિઓનું ઉત્સાહપૂર્વક આયોજન કરવા અંગે અને ગ્રામ પંચાયતો, શહેરી, સ્થાનિક સંસ્થાઓનો લાભ લઈને મોટા સમુદાયની સહભાગિતાને પ્રોત્સાહિત કરવા નિર્દેશ આપવામાં આવેલ. ખાસ કરીને આઈ.સી.ડી.એસ., આરોગ્ય અને શિક્ષણ શાખાએ તમામ કાર્યક્રમનું સંયુક્ત આયોજન કરી પોષણ માસને સાર્થક બનાવવા પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતું. બેઠકના અંતે તમામ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પોષણ શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

ઉક્ત સમીક્ષા બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, આર.સી.એચ.ઓ. ડો.નૂપુર કુમારી પ્રસાદ, આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર બીનલ સુથાર, જિલ્લા ખેતીવાડી અધિકારી ગોહિલ, જિલ્લા શિક્ષણ અધિકારી, તાલુકા કક્ષાના આઈ.સી.ડી.એસ. ના કર્મચારીગણ તેમજ સમિતિના અન્ય સદસ્યો હાજર રહ્યા હતા.

## મોરબીના જુના ઘુંટુ ગામે ૮૫ નંગ દારૂ-બિયરના જથ્થા સાથે એક પકડાયો

મોરબી તાલુકાના જુના ઘુંટુ ગામે વેચાણ કરવાના ઈરાદે તળાવના કાંઠે બાવળની કાંટમાં છુપાવી રાખેલા વિદેશી દારૂ-બિયરના ૮૫ નંગ બોટલ-ટીન સાથે તાલુકા પોલીસ દ્વારા એક આરોપીની અટકાયત કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકા પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે જુના ઘુંટુ ગામે ચિરાગ રબારી નામના ઈસમ દ્વારા પોતાના રહેણાંક પાછળ આવેલ તળાવના કાંઠે વેચાણ કરવાના ઈરાદે બાવળની કાંટમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો છુપાવી તેનું વેચાણ કરે છે. ત્યારે મળેલ બાતમીને આધારે તાલુકા પોલીસ ટીમ દ્વારા રેઈડ કરતા સ્થળ ઉપરથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૧ બોટલ તથા બિયરના ૩૪ નંગ ટીન એમ કુલ રૂ. ૨૮,૬૦૦/-નો મુદ્દામાલ મળી આવતા આરોપી ચિરાગભાઈ કારુભાઈ હૈણ ઉવ.૨૨ રહે.જનકપુરી સોસાયટી જુના ઘુંટુ ગામવાળાની અટક કરી તેની વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીમાં જૂની બીમારી સબબ માનસિક અસ્વસ્થતામાં સરી પડેલ પ્રૌઢે ગળાફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યું

મોરબીના ગ્રીન ચોક વિસ્તારમાં આવેલ સુથાર શેરીમાં રહેતા ઘનશ્યમભાઇ દામજીભાઇ છનીયારા ઉવ.૫૩ને છેલ્લા એક વર્ષથી ફેફસાની બીમારી હોય તેમજ થોડા સમય પહેલા તેઓએ આંખમાં મોતિયા-બિંદુનું ઓપરેશન કરાવ્યું હોય જેથી માનસિક અસ્વસ્થતામાં રહેતા હોય જેથી કરીને કંટાળી જઈ ગઈકાલ તા.૦૪/૦૯ના રોજ ઘનશ્યામભાઈએ પોતાના રહેણાંક મકાનમાં પોતાની જાતે ગળેફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે આપઘાતના બનાવ અંગેની મૃતકના નાનાભાઈ રાજેશભાઇ છનીયારા દ્વારા આપેલ પ્રાથમિક વિગતોના આધારે સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના ઉમા ભંગેશ્વરધામ ખાતે દેવી ભાગવત પરાયણનો પ્રારંભ



**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેરના તીથવા ગામ નજીક આવેલ ઉમા ભંગેશ્વરધામ ખાતે ભવ્ય દેવી ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ દેવી ભાગવત સપ્તાહના મુખ્ય આયોજકમાં ઓમ ઉમા ભંગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ પ્રમુખ હંસરાજભાઈ હાલપરા દ્વારા કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વાંકાનેર તાલુકાના તીથવા ગામ નજીક આવેલ સ્વયંભૂ ભંગેશ્વર મહાદેવના મંદિરે ખાતે ભવ્ય દેવી ભાગવતનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ કથાના વ્યાસાસને સંતશ્રી રતનેશ્વરીદેવીજી ગુરુ મહંત ભાવેશ્વરી માઁ દ્વારા સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. ગઈકાલ બુધવાર તા.૦૪ સપ્ટેમ્બરના રોજ દેવી ભાગવત પારાયણનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ત્યારે તા. ૦૪/૦૯ થી ૧૨/૦૯ એમ નવ દિવસ સુધી સવારના ૯ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી તેમજ મધ્યાહનમાં ૨ વાગ્યાથી ૫ વાગ્યા સુધી આ દેવી ભાગવત કથા ચાલુ રહેશે. આ દેવી ભાગવત પારાયણમાં કથામાં આવતા વિવિધ પ્રસંગોની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે તેમજ દરરોજ બપોરે કથા શ્રવણ કરવા આવેલ ભાવિક ભક્તો માટે વિશેષ મહાપ્રસાદની સુવ્યવસ્થા કરવામાં આવી છે. ત્યારે વાંકાનેર સહિત મોરબી જીલ્લાના ભાવિક ભક્તોને આ કથા શ્રવણનો લાભ લેવા મુખ્ય આયોજકો ઓમ ઉમા ભંગેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ અને પ્રમુખ હંસરાજભાઈ હાલપરા દ્વારા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું હોવાનું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગની બબરઝર વાડીશાળાના દિવ્યાંગ શિક્ષિકા બન્યા વિદ્યાર્થીઓ માટે સપોર્ટ સિસ્ટમ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લાની બબરઝર વાડીશાળા-૨ ના દિવ્યાંગ શિક્ષિકા બન્યા વિદ્યાર્થીઓ માટે સપોર્ટ સિસ્ટમ.રામીબેનની મહેનતથી ખેડૂતો અને પરપ્રાંતીય વાલીઓના બાળકો સરકારની સહાયથી મોડેલ સ્કૂલ્સમાં અભ્યાસ કરે છે.દરેક શિક્ષકેએ વિદ્યાર્થીને પોતાનું બાળક માની તેમના અભ્યાસ પાછળ મહેનત કરવી જોઈએ: રામીબેન કનારા(શિક્ષિકા).જેઓએ આપણને લખતા શીખવાડ્યું તેમના માટે તો જેટલું લખીએ તેટલું ઓછુંછે. અને તે છે શિક્ષક. ભારતમાં દર વર્ષે તા.૫ સપ્ટેમ્બરના રોજ દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ ૫ સપ્ટેમ્બરને શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવે છે.આપી જ્ઞાનનો ભંડાર અમને, કર્યા ભવિષ્ય માટે તૈયાર અમને છીએ આભારી એ ગુરૂઓના અમે, જેમણે કર્યા કૃતજ્ઞ અપાર અમને. શિક્ષકને લગત આ પંક્તિ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં બબરજર વાડીશાળા -૨માં પ્રાથમિક શિક્ષિકા તરીકે ફરજ બજાવતા રામીબેન કનારાને ખરા અર્થમાં લાગુ પડે છે. કારણકે દિવ્યાંગ હોવા છતાં રામીબેન એક નાનકડા એવા ગામમાં ખેત મજૂરો અને પરપ્રાંતીયોના બાળકોને શિક્ષકની સાથે એક સાચા માર્ગદર્શકની પણ ગરજ સારે છે. તેઓ છેલ્લા ૧૪ વર્ષથી આ શાળામાં નોકરી કરે છે.વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મતથી ભણાવવાની તેમની પધ્ધતિથી દર વર્ષે તેમના ૫૦% વિદ્યાર્થીઓ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ઉતીર્ણ થાય છે. અને કોઈપણ જગ્યાએ ટ્યૂશન રાખ્યા વગર માત્ર રામીબેન દ્વારા આપવામાં આવતા શિક્ષણથી વિદ્યાર્થીઓનો પાયો મજબૂત બનતા જવાહર નવોદયની પરીક્ષામાં પણ ઉતીર્ણ થઈ ત્યાં અભ્યાસ અર્થે જઈ શક્યા છે. શાળાએ જતા વિદ્યાર્થીઓના શિક્ષક નહીં પરંતુ એક માં પોતાના બાળકનો ઉછેર કરવા માટે જેટલો પરિશ્રમ કરે છે તેવી રીતે રામીબેન પણ દરેક વિદ્યાર્થીને પોતાનું બાળક સમજીને અંગત ધ્યાન



આપી જ્ઞાન આપે છે.રામીબેન કનારા જણાવે છે કે, તેઓને વર્ષ ૨૦૦૪માં નોકરી મળી હતી. છેલ્લા ૧૪ વર્ષથી બબરઝર પ્રાથમીક શાળામાં ફરજ બજાવે છે. વિદ્યાર્થીઓને શાળાકીય અભ્યાસની સાથે સાથે મોડેલ સ્કૂલ્સમાં અભ્યાસ માટેની અને જવાહર નવોદય વિદ્યાલય પરીક્ષાની પણ તૈયારીઓ કરાવે છે. અને વિદ્યાર્થીઓ સારું પરિણામ લાવતા સિલેક્ટ પણ થયા છે. ૧૫કિમી દૂરથી અપડાઉન કરીને બાળકોનું ભવિષ્ય સુધરે તે માટે મહેનત કરે છે. આ શાળામાં બાળક અભ્યાસ પૂર્ણ કરી લે પછી પણ તેમના માતાપિતા બાળકોના ઉચ્ચ અભ્યાસ માટે શાળાએ આવીને માર્ગદર્શન મેળવે છે. શિક્ષકદિન નિમિતે તમામ શિક્ષકોને સંદેશો આપતા રામીબેન જણાવે છે, શાળાના વિદ્યાર્થીને પોતાનું બાળક માનીને શિક્ષણ આપવું જોઈએ. કર્મ કરતાં રહો, તેનું ફળ ચોકક્સ મળે છે. દિવ્યાંગ હોવા છતાં હિમ્મત હાર્યા વગર હું મારી ફરજ બજાવી રહી છું.

## મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં ચાર માસથી ફરાર આરોપીને ત્રાજપર ચોકડી પાસેથી ઝડપી લેવાયો




મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે પ્રોહીબીશનના ગુનામાં ચાર માસથી વોન્ટેડ વીંછીયા તાલુકાના મોટામાત્રા ગામના વતની આરોપીને મોરબી ત્રાજપર ચોકડી ખાતેથી દબોચી લઈ આગળની ધીરણસર કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મોરબી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના અ.હેડ કોન્સે. ભગવાનજીભાઈ, વિજયભાઈ તથા પ્રદીપસિંહને બાતમી મળેલ કે બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન કેસમાં છેલ્લા ચાર માસથી ફરાર આરોપી પ્રભાતભાઈ ત્રાજપર ચોકડી પાસે છે, જેથી મળેલ ચોક્કસ બાતમી મુજબની જગ્યાએ તપાસ કરતા આરોપી પ્રભાતભાઈ ઉર્ફે પરબતભાઈ મથુરભાઈ વાટુકીયા ઉવ.૩૧ રહે.મોટામાત્રા તા. વીંછીયા જી.રાજકોટ વાળાને ઝડપી લઈ તેને હસ્તગત કરી સીટી બી ડિવિઝન પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. હાલ પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર જુગારના છ દરોડામાં તેત્રીસ મહિલા અને દસ શખ્સ ગંજીપાના કૂટતા ઝડપાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના ગાયત્રીનગર, જડેશ્વર પાર્ક, સરલાબેન ત્રિવેદી આવાસના પાર્કિંગ, સોનલનગર તેમજ શાંતિનગર વિસ્તારમાં પાડેલા જુગારના છ દરોડામાં ૩૩ મહિલા અને ૧૦ શખ્સ ગંજીપાનાથી જુગાર રમતા ઝડપાઈ ગયા હતા. તમામ સ્થળેથી અંદાજે રૂપિયા સવા લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી લેવાયો હતો.જામનગરના રામેશ્વરનગર વિસ્તાર પાછળ આવેલા માટેલ ચોક નજીક ગાયત્રીનગરની શેરી નં.૩માં જુગાર રમાતો હોવાની બાતમી મળતા પોલીસે દરોડો પાડ્યો હતો. ત્યાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા માનસીબા નરેન્દ્રસિંહ રાયજાદા, ડિમ્પલબા અર્જુન સિંહ જાડેજા, ગાયત્રીનગરની શેરી નં.૩માં રહેતા રીટાબા, હેતલબેન ધીરજલાલ સીમરીયા, સીમાબેન રાજેશભાઈ મંડોરા, ગજેન્દ્રસિંહ દિલીપસિંહ જાડેજા, રાજેશ અરજણભાઈ પ્રજાપતિ, નરેન્દ્રસિંહ પ્રવીણસિંહ રાયજાદા, કૃષ્ણદીપસિંહ ધર્મેન્દ્રસિંહ જાડેજા, છત્રપાલસિંહ મહોબતસિંહ ગોહિલ નામના દસ વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ. ૫૧૬૦ કબજે કર્યા છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા જડેશ્વર પાર્કમાં તીનપત્તી રમતા હાર્દિક રસીકભાઈ અકબરી, ચંદ્રકાંત રતીલાલ પાડલીયા, રિદ્ધિબેન પ્રદીપભાઈ પાડલીયા, મનિષાબેન દેવેન્દ્રભાઈ ત્રિવેદી, મીનાબેન પ્રદીપભાઈ પાડલીયા, પૂજાબેન અરવિંદભાઈ સોઢા, માલાબેન અનિલભાઈ રાયઠઠ્ઠા, સોનલબા અનોપસિંહ જાડેજા, સોનલબેન મહેન્દ્રભાઈ કનાણી નામના નવ વ્યક્તિ પોલીસના દરોડામાં ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂ. ૨૨,૪૧૦ રોકડા, છ મોબાઈલ, બે બાઈક મળી કુલ રૂ. ૧,૦૨,૪૧૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.જામનગરના પોલીસ હેડ ક્વાર્ટર પાસે આવેલા સરલાબેન ત્રિવેદી આવાસની એ/૩ વીંગના પાર્કિંગમાં તીનપત્તી રમતા વીણાબેન દિલીપભાઈ બદિયાણી, અમૃતાબેન હાર્દિકભાઈ ઝીંઝુવાડીયા, કિરણબેન દિલીપભાઈ ઝીંજુવાડીયા, મિતલબેન ગૌરવભાઈ ભૂવા, નીશાબેન દિનેશભાઈ ભટ્ટ, પદ્દુબેન પંકજભાઈ સોની, ભાવનાબેન મુકેશભાઈ વછાણી નામના સાત મહિલાને પોલીસે પકડી લઈ પટમાંથી





રૂ. ૧૨,૬૫૦ કબજે કર્યા છે.જામનગરના શાંતિનગર વિસ્તારની શેરી નં.૨ના છેડે જુગાર રમતા નયનાબા કનકસિંહ જાડેજા ઉર્ફે બબીબેન, કૈલાસબા સાંતુભા ઝાલા, રૂપલબા કુલદીપસિંહ રાઠોડ, રમાબા બહાદુરસિંહ રાઠોડ, સગુણાબેન વિજયદાન ગઢવી નામના પાંચ મહિલાને પોલીસે રૂ. ૨૩૯૦ સાથે પકડી પાડ્યા હતા.જામનગરના શાંતિનગર-૨ ના છેવાડે રામાપીર મંદિર પાસે જુગાર રમતા જયદીપસિંહ રવુભા જાડેજા, કિરણબા દશરથસિંહ જાડેજા, રંજનબા ભરતસિંહ ઝાલા, નયનાબા કનકસિંહ ચુડાસમા, તેજલબા દશરથસિંહ જાડેજા, અપ્લાબા ગજેન્દ્રસિંહ ઝાલા નામના છ વ્યક્તિ પોલીસના દરોડામાં રૂ. ૨૮૦૦ સાથે પકડાઈ ગયા હતા..જામનગરના હનુમાન ટેકરી સોનલનગર પાસે જુગાર રમતા હંસાબેન મુકેશભાઈ પીંગળ, બાલુબેન મનસુખભાઈ પીંગળ, માનકુંવરબા નારૂભા જાડેજા, રંજનબેન ગિરધરભાઈ સુરડીયા, સંજયસિંહ નારૂભા જાડેજા, ગુમાનસિંહ હરીસિંહ રાઠોડ નામના છ વ્યક્તિ રૂ. ૧૦,૪૪૦ સાથે પોલીસના દરોડામાં પકડાઈ ગયા હતા.

## જામનગરમાં કડિયાવાડ દગડુ શેઠ ગણેશ ઉત્સવ દ્વારા કાગળ, કંતાન, અનાજ, વાંસમાંથી એકદંતાયની પ્રતિમાનું નિર્માણ





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં કડિયાવાડ દગડુ શેઠ ગણેશ ઉત્સવ દ્વારા કાગળ, કંતાન, અનાજ, વાસમાંથી એકદંતાયની પ્રતિમાનું નિમાર્ણ.કડિયાવાડ દગડુ શેઠ દ્વારા ૫૫૧ મીટરની મારવાડી સ્ટાઈલ પાઘડી બનાવવામાં આવી જામનગરમાં કડિયાવાડ દગડુ શેઠ ગણેશ ઉત્સવ દ્વારા છેલ્લા ૨૭ વર્ષથી વિઘહર્તાની મૂર્તિ બનાવવામાં આવે છે. ત્યારે આ વર્ષે કંતાન, સફેદ, કાપડ, પુઠા, વાસ કાગળ સુતરી દોરા અને અનાજ નો ઉપયોગ કરીને ઈકો ફ્રેન્ડલી દુંદાળા દેવની સવા પાંચ ફૂટની મૂર્તિ બનાવવામાં આવી રહી છે. આ મૂર્તિમાં આઠ કિલો ચોખા, પાંચ કિલો,જુવાર પાંચ કિલો ઘઉં અને ત્રણ કિલો બાજરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મૂર્તિ રાષ્ટ્રીય ધ્વજ ના કલર આધારિત બનાવવામાં આવશે. વિનાયકની પ્રતિભા ૮ થી ૧૦ લોકો ને બનાવતા પંદર દિવસનો સમય લાગ્યો છે ઉલ્લેખનીય છે કે આ વર્ષે દગડુશેઠ ગણપતિ મહોત્સવ ૨૮ ના વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ સ્થાપના દરમિયાન વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. એઈટ વન્ડરફ ગ્રુપ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ સતત આઠ વર્ષથી ગીનીશ બુક વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવેલ છે તેમજ અત્યાર સુધીમાં તેઓ ૧૪૫ કિલોની ભાખરી ૧,૧૧,૧૧ લાડુ તેમજ ૭ ધાનનો ખીચડો ૫૧.૬ ફૂટ ની અગરબત્તી તેમજ ફિગર પેઈન્ટિંગ માં ગણેશજીનું પેઈન્ટિંગ બનાવ્યું હતું. આ વર્ષે પણ આ ગ્રુપ દ્વારા વિશિષ્ટ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગણપતિને ૫૫૧ મીટર ની પાઘડી પહેરાવવામાં આવશે તેમજ ગણપતિજીને પ્રસાદરપી મોદક બનાવીને ધરવામાં આવશે. મારવાડી સ્ટાઈલની ૫૫૧ મીટરની પાઘડી.દર વર્ષની જેમ આ વર્ષે પણ એઈટ વન્ડર ગ્રુપ દ્વારા વિશિષ્ટ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિઘ્નહર્તાને ૫૫૧ મીટર ની પાઘડી પહેરાવવામાં આવશે. આ પાઘડી માટેનું બેંગલોરી સિલ્ક કાપડ સુરતથી મંગાવવામાં આવ્યું છે. આ પાઘડી ૮ થી ૧૦ લોકો દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે જેને બનાવતા ૧૩ થી ૧૪ કલાક નો સમય લાગશે .

## ઊનાના વરસિંગપુર ગામે સ્વેચ્છાએ લોકોએ ૭૪ લાખની જમીન પરનું દબાણ દૂર કર્યું

### જૂના ઉગલા ગામે આશરે ૯.૫૦ કરોડની ૨,૩૪,૯૭૦ ચો.મી. જમીન પરનું દબાણ ખુલ્લું કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર,ઉના**

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની માન.કલેકટર સાહેબની મુલાકાત દરમિયાન તાલુકાના ગામોએ રોડ પરના તમામ દબાણો ,જાહેર સ્થળો અને રસ્તાઓ પર નડતરરૂપ વિવિધ હંગામી દબાણો દૂર કરવા સૂચના આપતા, આજરોજ ઉના તાલુકાના વરસિંગપુર ગામે વસીપુર- રાતડ જાહેર રસ્તાની બંને સાઈડના ગામતળ /ગૌચર/ની ૪૯૭૦ ચો. મી. જમીન કુલ કિંમત રૂપિયા ૭૪ લાખ ૫૫ હજારની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરવામાં આવી.



તેમજ ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામે ગૌચરની જમીન પરના દબાણ દૂર કરવાની કાર્યવાહી છેલ્લા ત્રણેક દિવસથી ચાલુ છે જે અંતર્ગત આજરોજ કુલ ૨૯ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવેલ કુલ ૨,૩૦,૦૦૦ ચો.મી. જમીન જેની કિંમત આશરે રૂ. ૫ કરોડ ૬૦ લાખની જમીન ખુલ્લી કરવામાં આવી. આમ જુના ઉગલા ગામે અત્યાર સુધીમાં કુલ ૮૦ દબાણદારો દ્વારા દબાણ કરેલ આશરે ૩૯૧૫૦૦ ચો.મી. જમીન જેની કિંમત આશરે રૂ. ૯ કરોડ ૫૦ લાખની જમીન ખુલ્લી કરાવવામાં આવી. આગામી દિવસોમાં પણ બાકી રહેલ દબાણ ખુલ્લું કરવાની કામગીરી ચાલુ રહેશે.

રિપોટરઃ- અબ્દુલ પઠાણ. ઉના

## મોરબી જીલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કોંગ્રેસ જીલ્લા પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને રજુઆત




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં હાલ પડેલા વધુ વરસાદને કારણે ખેતીના પાક અને મીઠા ઉત્પાદનમાં થયેલા વ્યાપક નુકસાનને ધ્યાને લઈ મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા જીલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા મુખ્યમંત્રીને કયારેક લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર મોરબી જીલ્લામાં વર્તમાન વર્ષે ચોમાસાની સિઝન દરમ્યાન અતિવૃષ્ટિ અને ડેમોમાંથી અચાનક પાણી છોડવાના કારણે જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેતીના પાક તથા મીઠાના ઉત્પાદનને ૧૦૦% નુકશાની થયેલ છે. તેમજ ખેતરો તથા મીઠાના અગરો ધોવાય ગયેલ છે. જીલ્લામાં વધુ વરસાદના કારણે ચોમાસાની સિઝનમાં હવે ફરીથી વાવેતર કરી ચોમાસાની સિઝનનો પાક પણ લઈ શકાય તેમ નથી. જેથી ભારત સરકારના ગૃહ મંત્રાલયના આપતી વ્યવસ્થાપન વિભાગ દ્વારા અગાઉ ૨૦૨૨માં જાહેર કરવામાં આવેલ પરિપત્રને ધ્યાને લઈ મોરબી જીલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા આપની કક્ષાએથી ઘટીત કાર્યવાહી કરવા જીલ્લાના ખેડુતો તથા મીઠાના ઉત્પાદકો વતી માંગ કરી રજુઆત કરવામાં આવી છે.

## જામનગરમાં પેટ્રોલ પંપ સંચાલકના ઘરમાં ખાતર પાડતા તસ્કરોઃ રૂ.૧૧ લાખની ચોરી





જામનગર શહેરમાં વી માર્ટ પાછળ આવેલી આરાધના સોસાયટીમાં પેટ્રોલ પંપ સંચાલકના ઘરે ૧૧ લાખની ચોરી થતા ચકચાર જાગી છે. પરિવાર બહાર ગયો હતો અને પાછળથી તસ્કરો ત્રાટક્યા હતા. બંગલામાંથી લોકરમાં રાખેલી રોકડ સહિત સોનાની ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતા. પરિવાર પાંચ છ દિવસ બાદ ઘરે આવતા રૂમમાં જતા રૂમના રાખેલ દરવાજા અને લોકર રૂમ ખુલ્લા દેખાતા અને તપાસ કરતા રોકડ સહિત લાખો રૂપિયાની ચોરી થતા સીટી બી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.જામનગર શહેરમાં શહેરમાં આવેલ વી માર્ટ પાછળ આરાધના સોસાયટીમાં રહેતા પેટ્રોલ પંપ સંચાલકે ફરિયાદ નોંધાવી છે કે, ગત તારીખ ૨૬ થી ૩૧ તારીખ સુધી ના સમયગાળા દરમિયાન તેમના ઘરમાંથી ૨૦૦ રૂપિયાની ૨૫ નોટો રૂપિયા ૧૦૦ ની ૧૨૫૦ નોટ અને ૫૦ ની ૨૨૦૦ નોટ છે. અને ૫૦૦ની ૧૬૨૦ નોટો છે. એમ કુલ મળીને રૂપિયા ૧૧ લાખ રોકડાની ચોરી થઈ ગયેલ છે સીટી બી પોલીસ સ્ટેશનમાં કલમ ૩૦૫, ૩૩૧,(૪)૩૩૧(૮) મુજબ ફરિયાદ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા અલગ અલગ એંગલથી અને સીસીટીવી ફૂટેજ ની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# દુંદાળા દેવના આગમનની ગણાતી ઘડીઓઃ સુંદર પ્રતિમાનું નિર્માણ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઘરેઘરે ગણેશજીની સ્થાપનાનો ક્રેઝ વધ્યો છે અને તેની સાથે સાથે સાજ શણગારની વસ્તુઓની ડિમાન્ડ પણ વધી છે. હાલ અનેક આર્ટિફિશિયલ ફલાવર શોપ્સ(હોલસેલ અને રિટેઇલર)ને ત્યાં પણ ભક્તોનો ધોડાપુર ઉમટી પડ્યો છે. જેમાં વિવિધ તૈયાર ડેકોરેટિવ ડિઝાઈનની ખરીદી કરવામાં આવી રહી છે. આ તૈયાર ડેકોરેશન પણ ૭૦૦ રૂપિયાથી લઈને ૧૫૦૦૦ રૂપિયા સુધીમાં વેચાઈ રહ્યા છે. જેટલું ગોળ નાંખો એટલું ગળ્યું થાય એવી ઉક્તિને સાર્થક કરતા હાલ આર્ટિફિશિયલ ફલાવર્સ અને ડેકોરેશનની દુકાનોમાં જાતભાતની શણગારની વસ્તુઓ વેચાઈ રહી છે. જો જાતે જ ડેકોરેશન કરવું હોય તો છુટક વસ્તુઓનું પણ વેચાણ થાય છે. જેમાં આર્ટિફિશિયલ ફૂલોના હાર, પત્તાના તોરણો, કમળના ફૂલ, ડેકોરેટિવ દિવા, રંગબેરંગી પડદા અને લાઇટ્સ લોકો ખરીદી કરી રહ્યા છે. એક સમય શહેરમાં જુજ સ્થળોએ જાહેરમાં અથવા ઘરોમાં ગણેશજીની સ્થાપના થતી અને શ્રદ્ધાપૂર્વક તહેવારની ઉજવણી થતી, પરંતુ હવે તહેવારનું વેપારણીકરણ થતાં માર્કેટમાં કરોડોનું ટર્નઓવર થતાં તેજી પણ જોવા મળે છે.

## બોલબાલા માર્ગ પર રૂપિયા બે લાખ નો દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા બોલબલા માર્ગ પર વિદેશી દારૂ ભરેલી ફોરચુનર કારમાં નીકળેલા બુટલેગર ને ભક્તિનગર પોલીસે દબોચી લઈ રૂપિયા ૧૧.૯૧, લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમએમ સરવૈયાની સુચનાથી પી.એસ.આઈ એમ એન વસાવા કોન્સ્ટેબલ રાજદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે બુલબલા માર્ગ પર રાધે ચોક પાસેથી ફોર્ચ્યુન કાર નંબર લષ ૩ ફવ ૮૫ ૬૨ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરી કારને અટકાવી હતી કારમાં બેઠેલો ચાલક રાજ વલ્લભ સાકરીયા રહે ગોંડલ રોડ વાવડી ગામ મટુકી રેસ્ટોરન્ટ પાસે વ્રજ એપાર્ટમેન્ટની અટકાયત કરી કરની તલાસી લેતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂપિયા બે લાખનો દારૂ અને કાર સહિત રૂ. ૧૧.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે

## ચોવીન પ્રોડકશનનું સસ્પેન્સ-થ્રીલર ફિલ્મ-'અ...વધ'નું મુર્હત કરાયું



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ : નવયુવાન નિર્માતા ચોવીન રાજપુતના ચો-૧ ચોવીન પ્રોડક્શનનું સસ્પેન્સ-થ્રીલર ફિલ્મ અ.વધ (એક અધૂરી કહાની)નું મુહૂર્ત રાખવામાં આવ્યું હતું. કોમેડી, થ્રીલર અને સસ્પેન્સથી ભરપૂર અ...વધ (એક અધૂરી કહાની) સહકુટુંબ સાથે માણી શકાય તેવી હટકે ફિલ્મ છે. નવયુવાન નિર્માતા ચોવીન રાજપૂત કે જે નિર્માતા-હીરો-ગીતકાર-સ્ક્રીન પ્લે એમ ઓલ રાઉન્ડર ભૂમિકા ભજવે છે તેમણે જણાવ્યું કે અ...વધ ફિલ્મ જરા હટકે ફિલ્મ છે જે લોકોને ખૂબ પસંદ પડશે. ફિલ્મનું ખાસ આકર્ષણ ઘનસુખ ભંડેરી (વીજુડી) છે. ફિલ્મના હીરો ચોવીન રાજપૂત છે જે નિર્માતા અને હીરો એમ બેવડી ભૂમિકા ભજવી રહ્યાં છે. આ ઉપરાંત ફિલ્મમાં આરતી સુથાર, સાગરસિંહ ગોહીલ, રિયા સોમાણી, વિશ્વજીતસિંહ જાડેજા, રાયમલ બોરીચા, દેવેન તરપરા, રાજેન્દ્ર પંચાલ, છાયા શુક્લા વગેરે કલાકારોએ કલાના કામણ પાથર્યા છે. ફિલ્મના નિર્દેશક રાજુ વાસાવડ છે, સ્ટોરી સાગરસિંહ ગોહીલ, સંગીત કલીમ શેખનું છે. ભાવનગર હાઈવે, વિઠ્ઠલ વાવની બાજુમાં યોજાયેલા અ...વધ ફિલ્મના મુહૂર્ત પ્રસંગે આગેવાનો-કલાકારો સહિતના ઉપસ્થિત રહ્યા હતાં

## સંવત્સરી જૈન મહાપર્વ નિમિતે રવિવારે પાલીતાણા -બ્રાંદ્રા સ્પે.ટ્રેન દોડશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાત્રિયોની સુવિધા માટે અને નસ્રસંવત્સરી જૈન મહાપર્વસ્રસ્ર નિમિત્તે ટ્રેનોમાં વધારાની ભીડ ઘટાડવા માટે, પશ્ચિમ રેલ્વેએ પાલીતાણા અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર નસ્રસ્પેશિયલ ટ્રેનસ્રસ્ર ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રવીશ કુમારના જણાવ્યા મુજબ, આ ટ્રેનનું વિગતવાર વર્ણન નીચે મુજબ છેઃ-ટ્રેન નંબર ૦૯૧૨૨/૦૯૧૨૧ પાલીતાણા - બાંદ્રા એક્સપ્રેસ - પાલિતાણા ટ્રેન નંબર ૦૯૧૨૨ પાલીતાણા-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ વિશેષ ટ્રેન ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ (રવિવાર)ના રોજ પાલિતાણાથી ૨૧.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૧.૦૦ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.ટ્રેન નંબર ૦૯૧૨૧ બાંદ્રા ટર્મિનસ - પાલિતાણા એક્સપ્રેસ સ્પેશિયલ ૦૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ (શુક્રવાર) ના રોજ બાંદ્રા ટર્મિનસથી ૧૪.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૬.૦૦ કલાકે પાલીતાણા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં સિહોર જંકશન (ગુજરાત), સોનગઢ, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૩ ટાયર અને સ્લીપર ક્લાસ કોચ હશે.

## સરગમ ક્લબ તેમજ કલાવંતીબેન ભૂપતભાઈ માઉં ના સયુક્ત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ - દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતભાઈ માંઉ સયુંકત ઉપકમે તા.૧/૦૮/૨૪ થી ૩/૦૮/૨૪ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૩ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સ નાં દર્દી -૧૭ અને લેગ (પગ) ના ૨૪, પગ રીપેરીંગ -૧૨ દર્દી ઓને વિના મુલ્યે લાભ લીધેલ.



સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતભાઈ માંઉ આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ માં અમોને મુખ્ય સહયોગ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતભાઈ માંઉ ના પરિવારજનો શીલાબેન શૈલેષભાઈ માઉં, પ્રિયાંશી હર્ષિલ માઉં, પ્રિતીબેન વિરેન્દ્રભાઈ શાહ, દેવાંશી, કાવ્ય નો સહયોગ મળેલ છે.

દર વર્ષે ૧ ઓગસ્ટ ના રોજ માતૃશ્રી કલાવંતીબેન ભૂપતભાઈ માંઉ દ્વારા જ્યપુર કેમ્પ યોજાશે. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને માતૃશ્રી કલાવંતીબેન ભૂપતભાઈ માંઉ તથા કમાણી ફાઉન્ડેશન નાં સહયોગ થી અને તેના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે.

આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર, વગેરે સેવા આપેલ,આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

આગામી કેમ્પ તા.૧/૧૦/૨૦૨૪ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

## GMSCLના વેર હાઉસની બહાર લાખો રૂપિયાની દવાઓ અને સર્જિકલ વસ્તુઓને નુકસાન, જવાબદાર સામે શિક્ષાત્મક પગલાં લેવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના મોરબી રોડ ઉપર આવેલા GMSCLના ગોડાઉનના અધિકારીઓની ઘોર બેદરકારી સામે આવી છે. સરકાર દ્વારા આપવામાં આવેલો લાખો રૂપિયાનો દવાનો જથ્થો ગોડાઉન બહાર રાખી દેતા પલળી ગયો હોવાના દશ્યો સામે આવ્યા છે. એક તરફ સરકારી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ માટે દવાનો સ્ટોક ન હોવાની સમસ્યાઓ સામે આવે છે. ત્યારે બીજી તરફ ચોમાસામાં પડેલાં વરસાદને કારણે ગોડાઉનની બહાર રાખેલો દવાનો જથ્થો પલળી જતા ગંભીર બેદરકારી સામે આવી છે. આ દવાની એક્સપાયરી ડેટ ૨૦૨૬ સુધીની હોવાનું જોવા મળી રહ્યું છે. જોકે, આ બાબતે ત્યાંના કોઈ જ સત્તાવાર અધિકારીનું સામે નિવેદન આવ્યું નથી. GMSCLના મેનેજિંગ ડિરેક્ટર દ્વારા જાહેર થયેલા સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લિમીટેડ (GMSCL) દ્વારા રાજકોટ વેરહાઉસ ખાતેથી રાજકોટ, મોરબી અને જુનાગઢ જિલ્લાઓની આરોગ્ય સંસ્થાઓને દવાઓ સપ્લાય કરવામાં આવે છે. રાજકોટ વેરહાઉસ ખાતે પલળી ગયેલ દવાઓ તેમજ આઈટમો પૈકી મુખ્યત્વે પી.પી.ઈ. કીટનો સમાવેશ થાય છે. પી.પી.ઈ. કીટ પોલીપ્રોપીલીનમાંથી બનાવવામાં આવે છે. કોવિડ-૧૯ના સમયગાળા દરમ્યાન થર્ડ વેવ માટે આગોતરા આયોજનના ભાગરૂપે વખતો વખતની ગાઈડલાઈનને ધ્યાને લઈ પી.પી.ઈ. કીટના બફર સ્ટોકની ખરીદી કરવામાં આવેલ હતી. આ જથ્થાના સપ્લાય માટે આરોગ્ય સંસ્થાઓને ડેપો ખાતેથી ફાળવણી કરવામાં આવેલ હતી પરંતુ, તેઓ દ્વારા હાલ જરૂરીયાત ન હોવાનું જણાવેલ જેથી આ જથ્થો ડેપો ખાતે રાખવામાં આવેલ હતો.જી.એમ.એસ.સી.એલ. દ્વારા ભાવકરાર ધારક પેઢીઓને દવાઓના



તાજેતરમાં આપવામાં આવેલ ખરીદ આદેશ પૈકીનો જથ્થો ડેપો ખાતે સપ્લાય કરવામાં આવેલ હતો. ડેપો ખાતે મળેલ દવાઓના સંગ્રહ માટે જગ્યાના કારણોસર પી.પી.ઈ. કીટનો જથ્થો બહાર ગેલેરીના ભાગમાં બોકસમાં પેક કરી મુકવામાં આવેલ પરંતુ વધુ વરસાદના કારણે બોકસ ભિંજાઈ જતાં બોકસ તુટી જવા પામેલ છે. પલળી ગયેલા આઉટર બોક્સને બદલી અન્ય બોક્સમાં જથ્થો તબદીલ કરી યોગ્ય જગ્યાએ ડેપોમાં સંગ્રહ કરવા ડેપો મેનેજર- રાજકોટને સુચના આપવામાં આવેલ છે. ડેપો ખાતે ઉપલબ્ધ Framycetin Skin Crearm નો જથ્થો મોરબી હોસ્પિટલ ખાતે સપ્લાય કરવા માટે શેડમાં મુકવામાં આવેલ હતો.

## રાજકોટ સિંચાઈ વર્તુળના ૨૧ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયા, બે ડેમ છલકાવાની તૈયારી

### ચાર ડેમ ૪૦થી ૭૩ ટકા સુધી ભરાયા : ૧૪ ડેમના દરવાજા ખુલ્લા : આઠ ડેમ ઓવરફલો : ભાદર, આજી-૧ તથા ૩ તથા ન્યારી-૨ ડેમ ૧૦૦ ટકા ભરાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલમાં વરસેલા ભારે વરસાદને પગલે જળાશયો છલકાઈ ઊઠ્યા છે. રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળના ૨૭ જળાશયોમાંથી ૨૧ જળાશયો ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જેમાં આજની સ્થિતિએ ૧૪ ડેમના દરવાજા ખોલાયેલા છે, જયારે આઠ ડેમ ઓવરફલો થઈ રહ્યા છે. તમામ ૨૭ જળાશયો સરેરાશ ૯૭.૬૨ ટકા ભરાઈ ગયા છે. રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયા પ્રમાણે, આજની તારીખે સવાર સુધીમાં ૨૧ જળાશયો ૧૦૦ ટકા ભરાઈને છલકાઈ રહ્યા છે. જેમાં ભાદર ડેમના બે દરવાજા ૦.૫૩ મીટર ખોલવામાં આવ્યા છે. જયારે મોજ ડેમના ત્રણ દરવાજા ૦.૬ મીટર ખુલ્લા છે. વેણુ-૨ ડેમના ત્રણ દરવાજા ૦.૫૩ મીટર, આજી-૩ ડેમના બે દરવાજા ૦.૬ મીટર, સુરવો ડેમના એક દરવાજા ૦.૧૫ મીટર, ન્યારી-૨ ડેમના બે દરવાજા ૦.૩ મીટર, ખોડાપીપર ડેમના એક દરવાજા ૦.૦૩ મીટર, છાપરવાડી-૨ ડેમના એક દરવાજા ૦.૧૫ મીટર, કરમાળ ડેમના એક દરવાજા ૦.૩ મીટર, કર્ણુકી ડેમનો એક દરવાજો ૦.૦૧૫ મીટર ખોલવામાં આવ્યો છે.

જયારે ફોફળ ડેમ હાલ ૦.૩ મીટર ઓવરફલો જયારે આજી-૧ ડેમ ૦.૧૨ મીટર ઓવરફલો, સોડવદર ડેમ ૦.૧ મીટર ઓવર ફલો થઈ રહ્યા છે. જયારે વાછપરી ડેમ ૦.૨૫ મીટર, વેરી ડેમ ૦.૦૫ મીટર, ફાડદંગ બેટી ૦.૦૨ મીટર,



છાપરવાડી-૧ ડેમ ૦.૦૫ મીટર, ઈશ્વરીયા ડેમ ૦.૦૨ મીટર ઓવરફલો થઈ રહ્યા છે. ઉપરાંત આજી-૨ ડેમ ૭૩.૨૯ ટકા ભરાયેલો છે અને તેના બે દરવાજા ૦.૩ મીટર ખુલ્લા છે. ડોંડી-૧ ડેમ ૬૫.૭૯ ટકા ભરાતા એક દરવાજો ૦.૦૭૫ મીટર ખોલાયો છે. ન્યારી-૧ ડેમ ૯૩.૯૯ મીટર ભરાયો હોવાથી બે દરવાજા ૦.૧૫ મીટર ખુલ્લા છે. ઉપરાંત ભાદર-૨ ડેમ ૯૮.૧૦ ટકા ભરાયો હોવાથી ત્રણ દરવાજા ૦.૪૫ મીટર ખોલાયા છે. ઘેલો સોમનાથ ડેમ ૪૦.૪૧ ટકા ભરાયો છે. જયારે માલગઢ ડેમ હાલ ૭૨.૭૪ ટકા ભરાયો છે.

## હુડકો ચોકડી પાસે કારખાનામાં સગર્ભાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ શહેરના હુડકો ચોકડી પાસે આવેલા કારખાનામાં ગર્ભવતી પરિણીતાએ ગળાફાંસો ખાઈ લઈ આત્મઘાતી પગલું ભરી લીધું હતું. એક સાથે બે જીવનદીપ બુઝાય જતાં પરિવારમાં ભારે આક્રંદ છવાઈ જવા પામ્યો હતો.બનાવને લઈને આજીડેમ પોલીસ વધુ તપાસ હાથ ધરી છે. વિગતો મુજબ, મુળ મધ્યપ્રદેશની વતની અને હાલમાં રાજકોટ હુડકો ચોકડી શેરી નં.૦૫ ના છેડે સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ એક કારખાનામાં પોતાના પતિ અને બે વર્ષની માસૂમ પુત્રી સાથે રહેતી સુનિતા સંજયભાઈ બાબર (ઉ.વ.૧૯) એ કારખાનામાં આવેલી આરોડીમાં પંખામાં ચુંદડી વડે ગળાફાસો ખાઈ લીધો હતો. બનાવ અંગે જાણ થતાં જ ૧૦૮ નો તબીબી સ્ટાફ દોડી જઈ તેણીને તપાસી મૃત જાહેર કરી હતી. પોલીસે મૃતદેહ પી.એમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી જરૂર કાગળ કાર્યવાહી હાથ ધરી હતી. પ્રથામિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, સુનિતા અને તેનો પતિ મજૂરી અર્થે રાજકોટ આવ્યા હતા. સંતાનમાં તેને બે વર્ષની પુત્રી છે અને હાલમાં તેણીને છ માસનો ગર્ભ હતા. બનાવથી માસૂમ બાળકીએ માતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં ઘેરો કલ્પાંત છવાયો હતો.

## નામચીન બુટલેગરે ફોન પર સાસુને આપી મારી નાખવાની ધમકી

શહેરના દારૂના અનેક ગુનાઓમાં સામેલ હર્ષદ મહાજને અયોધ્યા ચોકમા રહેતા પોતાના સાસુને ફોન કરી ગાળો દઈ મારી નાખવાની ધમકી આપતાં ગુનો નોંધાયો છે. વિગત મુજબ ૧૫૦ ફટ રીં ગ રોડ અયોધ્યા ચોક ગોકુલ મથુરા પાછળ અલકનંદા એપાર્ટમેન્ટમાં રહેતા સરોજબેન મનહરલાલ કોટક (ઉ.વ.૬૭)એ ફરિયાદ નોંધાવતા આરોપીમાં તેના જમાઈ હર્ષદ ઉર્ફે મહાજનનું નામ આપતા જણાવ્યું હતું કે, મંગળવારે તા. ૩ના રાતે સાડા નવેક વાગ્યે તેઓ અને તેમની દિકરી મેઘાબેન તથા હિરલબેન ઘરે હતાં ત્યારે દિકરી મેઘાબેનના ફોનમાં તેણીના પતિ હર્ષદનો ફોન આવ્યો હતો. એ બંને પતિ-પત્નિ વચ્ચે ફેમિલી મેટર ચાલતી હોઈ બંને વચ્ચે બોલાચાલી ઝઘડો થતાં મેઘાબેને ફોન કટ કરી નાખ્યો હતો અને ફરીથી ફોન આવતા તે ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આ કારણે જમાઈ હર્ષદ સાસુ સરોજબેનના ફોનમાં ફોન કરી બેફામ ગાળો લાગ્યો હતો. અને મારી નાખવાની ધમકીઓ આપી હતી. જેથી હેડ કોન્સ્ટેબલ વી. ડી. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

## ગોંડલના ભોજપરા ગામ પાસે વિદેશી દારૂ ભરેલી બોલેરો ઝડપાઈ



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગોંડલ હાઈવે પર આવેલા ભોજપરા ગામ પાસે સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ બાતમી ના આધારે વોચ ગોઠવી વિદેશી દારૂ ભરેલી બોલેરો પીકપ વાન ઝડપી લઈ રૂપિયા ૭.૯૮ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમના પી.એસ.આઈ એવી પટેલ સહિતનો સ્ટાફ ગઈકાલે રાજકોટ ગોંડલ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે એક મહિન્દ્રા પીકઅપ બોલેરો જીપ દારૂ ભરેલી પસાર થવાની હકીકત મળતા પોલીસે વોચ ગોઠવી હતી તે દરમિયાન ભોજપરા ગામ રામાપીરના મંદિર પાસેથી બોલેરો જીપ નંબર લષ ૧૯ ુ ૬૨ ૨૫ નંબરની શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કર્યો હતો તે દરમિયાન બોલેરો જીપનો ચાલક અંધારાનો લાભ લઈ જીપ રેઢી મૂકી નાસી ગયો હતો પોલીસે બોલરની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૪૧૮ બોટલ મળી આવી હતી પોલીસે બોલેરો સહિત કુલ રૂપિયા ૭.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કરી બોલેરો જીપ ના નંબરના આધારે ચાલક અને બુટલેગર સહિત પાંચ શખ્સોની શોધખોળ શરૂ કરી છે

## જસદણના બેલડા ગામે મારામારીના કેસમાં કોર્ટ સજા રદ્દ કરી આરોપીને નિદોર્ષ જાહેર કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જસદણના બેલડા ગામે ઢોર ચરાવવા બાબતે મારા-મારી થતાં આરોપીઓએ ધારિયા જેવા હથિયારોથી હુમલો કરતા ગુનો નોંધાયો હતો. આ કેસમાં નીચલી અદાલતે છ માસની સજા ફટકારતાં સેશન્સ કોર્ટેમાં અપીલ કરતા આ સજા રદ કરીને કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કરતો હુકમ ફરમાવ્યો હતો. કેસની હકીકત મુજબ, જસદણ તાલુકાના બેલડા ગામે રહેતા રાણાભાઈ અરજણભાઈ ગળથરાએ પોલીસમાં આરોપી તરીકે ઉકડ ગમારા, માત્રા ગમારા, અશોક ગમારા, ગભરૂ ગમારા, સામે ધારિયા વડે હુમલો કરતા ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં નીચલી અદાલતે ચારેય આરોપીને ૬ માસની સજા ફટકારતાં હતી. જે બાદ આરોપીના વકીલ દ્વારા



સેશન્સ કોર્ટમાં દાદ માગવામાં આવી હતી. આ અરજી ચાલવા પર આવતા વકીલે રજુઆત કરી હતી કે, સહેદોની જુબાનીમાં વિરોધાભાસ હોય, પંચો, હોસ્પિટલના કાગળો, બનાવ ને સમર્થન આપતા ન હોય તેમ છતાં નીચલી અદાલતે સજા અને દંડનો ખોટો હુકમ કર્યો છે. આરોપીના વકીલે કરેલી તમામ દલીલો અને રજૂઆતોને ધ્યાનમાં લઈને સેન્શન કોર્ટે ચારેય આરોપીઓની સજા રદ કરીને નિર્દોષ ઠેરવી છોડી મુકવા હુકમ કર્યો હતો.આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી,આર્યન કોરાટ, ભાવીન ખુંટ, જસ્મીન દુધાગરા, અભય સભાયા રોકાયેલ હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શિક્ષકદિનની ઉજવણીઃ વિદ્યાર્થીઓ બન્યા 'ગુરૂ'





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં પ્રતિવર્ષ તા.૫ સપ્ટેમ્બરના ઉજવાતા શિક્ષક દિનની આજે રાજકોટ સહિત જિલ્લાની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી.ભારતીય સંસ્કૃતિમાં શિક્ષકનું સ્થાનએ આદરણીય છે આજે શિક્ષકદિન પ્રસંગે પ્રાથમિક માધ્યમિક શાળાઓ સહિત શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક આચાર્યની ફરજ અદા કરવામાં આવી હતી.સરકારી-ગ્રાન્ટેડ તેમજ સ્વનિર્ભર શાળાઓમાં શિક્ષક દિનની કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં આચાર્ય, શિક્ષકથી લઈ કલાર્ક, સુપરવાઈઝર, અને પટ્ટાવાળા સુધીની ભૂમિકા અદા કરી હતી.તેની સાથોસાથ શૈક્ષણિક સંસ્થાઓમાં સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવેલ હતાં. સન્માન સમારંભમાં શિક્ષકની સારી ભૂમિકા નિભાવનારા વિદ્યાર્થીઓનું પણ અભિવાદન કરવામાં આવેલ હતું.શિક્ષક દિન પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં વર્ગખંડોમાં સુશોભન કરવામાં આવેલ હતાં.જિલ્લા કક્ષાએ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# મનપાના પૂર્વ ચીફ ફાયર ઓફિસર ઢેબાની જામીન અરજી ફગાવતી કોર્ટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી રા.મ્યુ. કોર્પો.ના ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાની ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમનાકે સમાં જામીન અરજી રાજકોટ કોર્ટે ફગાવી દીધી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં તા. ૨૮/૦૫/૨૦૨૪ ના રોજ ટી.આર.પી. ગેમઝોનમાં થયેલ અગ્નિકાંડ અંગે નોંધાયેલ કેસમાં પોલીસ તપાસ દરમ્યાન ટી.પી.ઓ. શ્રી એમ.ડી.સાગઠીયા અને ચીફ ફાયર ઓફીસર ભીખાભાઈ જીવાભાઈ ઠેબાની સંડોવણી અને ગેરરીતીઓ જણાઈ આવેલ હતી. આથી પોલીસ તપાસ દરમ્યાન તેઓ પાસેથી તેમની કાયદેસરની આવક કરતા અનેક ગણી અપ્રમાણસરની મિલ્કતો મળી આવેલ હતી. આ હકીક્તની જાણ એ.સી.બી. પોલીસ સ્ટેશનને થતા આ બંને અધિકારીઓ વિરુધ્ધ અપ્રમાણસર મિલ્કય ધારણ કરવા અંગેના ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ હતો. આ ગુનાની તપાસ દરમ્યાન ભીખાભાઈ ઠેબાની ૧૨ વર્ષની કુલ આવક રૂ. ૧.૪૮ કરોડ હતી પરંતુ આ સમયગાળા દરમ્યાન તેઓએ રૂ. બે કરોડ છવ્વીસ લાખની મિલ્કતો પોતાના તથા પોતાના પરીવારજનોના નામે ખરીદેલી હતી. આ રીતે રૂ. ૭૮ લાખ નું રોકાણ આવક કરતા વધુ પ્રમાણમાં જણાઈ આવેલ હતી. ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા દ્વારા અપ્રમાણસર મિલ્કતના કેસમાં ચાર્જશીટ બાદ જામીન અરજી કરવામાં આવેલ હતી કે અમુક મિલ્કતો આરોપીને ૧૯૯૮ ની સાલથી મળેલ હતી, તેમજ તેમના પત્નિ અને પુત્રના નામે ખરીદાયેલ મિલ્કતોને પણ તપાસનીશ અમલદારે ખોટી રીતે આરોપીની મિલ્કય ગણી ખોટું ચાર્જશીટ કરેલ છે. સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, કાયદાની જોગવાઈ મુજબ કોઈપણ સરકારી અધિકારી પોતાના કે પોતાના પરીવારજનના નામે મિલ્કત ખરીદે ત્યારે આવી ખરીદી અંગે સરકારને કરવાની રહે છે. આરોપીએ આવી મિલ્કતો ખરીદાયેલ હોવા અંગે સરકારને જણાવેલ ન હોય તેમ આરોપીનો કોઈ બચાવ નથી. આ ઉપરાંત આરોપીના પરીવારજનો પોતાની રીતે સ્વતંત્ર આવક ધરાવતા હોય તો પણ તેઓના નામે ખરીદાયેલ મિલ્કતોના અવેજની રકમ જો આરોપીએ ચુકવેલ હોય તો આવી મિલ્કય આરોપીની જ ગણવાની રહે છે. આ કિસ્સામાં આરોપીના પત્નિ અને દિકરાના નામે ખરીદાયેલા મિલ્કતની અવેજની રકમ તેઓએ પોતાની આવકમાંથી ચુકવેલ છે તેવો કોઈ બચાવ કે તેવું કોઈ સોગંદનામું પત્નિ કે પુત્રએ રજુ કરેલ નથી.

# વાગુદળ ગામે આશ્રમમાં ગાંજાનું વાવેતર મળ્યુઃ પોલીસે છોડ કબ્જે કરી એફએસઆઈમાં મોકલ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**





રાજકોટમાં મહિલા કોલેજ અંડર બ્રિજ પર GST અધિકારીના કારના કાચ તોડનાર સાધુ અને તેની ટોળકી સામે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી.ધરપકડ કરતાં તેઓએ પોલીસ સ્ટેશન પણ માથે લીધું હતું. અને ખોટા ધતીંગ કર્યા હતા.જ્યારે બીજી બાજુ રૂરલ એસઓજીની ટીમ સાધુના વાગુદળ સ્થિત આશ્રમે ગઈકાલે તપાસ કરવા માટે પહોંચી હતી.અને તેઓને ત્યાંથી ગાંજાનું વવાતેર મળી આવ્યું હતું.અને ગાંજાના બે છોડ કબજે કરી તેનું ૠજક કરાવતા છોડમાં કેનાબીસના ઘટકો ન મળ્યા હતા.જેથી તેને વધુ તપાસ માટે ગાંધીનગર

તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર સોમવારે રાત્રે રામનાથ મહાદેવ મંદિરેથી દર્શન કરી પરત ફરતાં વાગુદળમાં આવેલ આશ્રમના મહંત પોતાની બ્રેજા કાર લઈ મહિલા અન્ડર બ્રિજ પાસે રોંગ સાઈડમાં જતાં હતા. ત્યારે સામેથી આવતી જીએસટી અધિકારીની ઈનોવાને રિવર્સ લેવાનું કહીં ડખ્ખો કર્યો હતો. આ મામલે પોલીસે ચિરાગ પ્રવિણ કાલરીયા (રહે. રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ, વિદ્યાકુંજ રોડ પર્ણ કુટીર સોસાયટી), મહંત યોગી ધરમનાથ ઉર્ફે જીજ્ઞેશકુમાર નવીનચંદ્ર ધામેલીયા (રહે. વિરપુર, જેતપુર), પ્રવિણ વાઘજી મેર (રહે. મેટોડા) અને અભિષેક સામે ગુનો નોંધ્યો હતો.અને તેમની ધરપકડ કરી હતી. આ દરમિયાન સાધુના આશ્રમે ગાંજાના છોડ હોવાની માહિતી મળતા રાજકોટ રૂરલ એસઓજીના પીએસઆઈ બી.સી. મિયાત્રા ટીમ સાથે દોડી ગયા હતા. તપાસ કરતાં આશ્રમ ખાતે ગાંજાના બે છોડ મળ્યા હતા.જેથી એફએસએલ ટીમને બોલાવતા સેમ્પલો લેવાયા હતા. જોકે છોડમાં ફૂલ પાંગર્યા ન હોય કેનાબિસના ઘટકો ન જણાતા પ્રાથમિક રિપોર્ટ પોઝિટિવ ન આવતા સેમ્પલો ગાંધીનગર લેબોરેટરીમાં મોકલાયા છે. જ્યારે સાધુ સહિતના આરોપીને જમીન પર છોડી દેવામાં આવ્યા છે.રૂરલ એસ.ઓ.જીની ટીમ જ્યારે આશ્રમે પહોંચી ત્યારે સાધુ હાજર ન મળી આવ્યો હતો.

# અમરેલીના રાજસ્થળી ગામે પૌત્રને બચકા ભરી હત્યા કરનાર દાદીની ધરપકડ

## બાળકને શરીરે બચકા ભર્યાના નીશાનો મળ્યાઃ તાંત્રીક વિધીની શક્યતા હોવાની શંકા

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના રાજસ્થળી ગામમાં સગા દાદીમાએ તોફાન કરતા પોતાના એક વર્ષના માસુમ પૌત્રને આખા શરીરે બચકા ભરી મોતને ઘાટ ઉતારી દેવાની ચોકાવનારી ઘટના બહાર આવી છે. આ સમગ્ર ઘટનામાં પોલીસે જાતે જ ફરિયાદી બનીને મહિલા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ અમરેલીના રાજસ્થળી ગામમાંથી માત્ર એક વર્ષના માસુમ બાળકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બાળકને આખા શરીરને બચકા ભરવામાં આવ્યા હતા અને તેની સાથે કોઈ તાંત્રિક વિધિ કરવામાં આવી હોય તેવી પણ શક્યતા દેખાઈ રહી હતી. આ બાળકની સ્થિતિ એટલી ખરાબ હતી કે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. જેથી હોસ્પિટલ દ્વારા તાત્કાલિક અમરેલી તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસની ટીમ ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. આ બાળકની હત્યા કરવામાં આવી હોવાની શક્યતાના પગલે પોલીસ દ્વારા તેનું પેનલ પીએમ કરવા માટે ડેડબોડીને

ભાવનગર સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી. જેના પ્રાથમિક રિપોર્ટમાં બચકા ભરવાથી તેનું મૃત્યુ થયું હોવાનું બહાર આવતા પોલીસ દ્વારા હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ લાભુભાઈ કરસનભાઈ સોઢાતરે જાતે ફરિયાદી બનીને નોંધાવેલી ફરિયાદ મુજબ અમરેલી તાલુકાના રાજસ્થળી ગામે રહેતી ગુલશનબેન હુસેનભાઈ બચુભાઈ સૈયદ તા.૩ના સાંજના સાડા ચારથી



પાંચ વાગ્યાના અરસામાં રાજસ્થળી ગામે પોતાના થરે હતી. ત્યારે તેનો પૌત્ર અલી રજાક રફીકભાઈ સૈયદ (ઉ.વ. ૧ વર્ષ બે માસ)ના જમણા ગાલ, જમણી આંખની ઉપર કપાળના ભાગે, હાથે, પગે બચકા ભરી લીધા હતા તેમજ મોઢું, જાંઘ, હાથ વગેરે ભાગે મુંઢ માર માર્યો હતો. આથી ગંભીર રીતે ઘવાયેલાં બાળકે દમ તોડી તોડી દેતા સમગ્ર બનાવ હત્યામાં પલટાયો હતો. આ ઘટનાની તપાસ ચલાવી રહેલા સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે. બારોટે જણાવ્યું કે, આ મહિલા આરોપી તે બાળકની દાદી છે. ઘટના બની ત્યારે તે રૂમમાં બાળક સાથે હતી અને અન્ય બે બાળકો પણ ત્યાં હતા. તેના માતા પિતા બીજા રૂમમાં હતા. આ બાળક ખૂબ રડતો હોવાથી અને છાનો રાખવા છતાં પણ છાનો ન રહેતા ક્રોધમા આવીને મહિલાએ આ પ્રકારનું કૃત્ય કર્યું હતું. પોલીસ દ્વારા તેની ધરપકડ કરી લેવામાં આવી છે.

# લોધિકાના લોધીડા ગામના યુવાને કોર્ટકેસનું સમધાન નહિ કરતા હુમલો

## સરધાર જતા યુવાનના બાઈકને આંતરી સાત શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કરી હાથ પગ ભાંગી નાખ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ તાલુકાના લોધીડા ગામે કોર્ટ કેસમાં સમાધાન કરવાની ના પાડતા યુવાન ઉપર છ શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કરી હાથ ભાંગી નાખ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. જાણવા મળતી વિગત મુજબ લોધીડા ગામે રહેતા નીલેશ લાભુભાઈ ચાવડા (ઉ.વ.૨૨)એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગામમાં જ રહેતા જગાભાઈ ખેંગાભાઈ શિયાળ, કાળાભાઈ ખેંગાભાઈ શિયાળ, સાગર કાળાભાઈ શિયાળ, મુળા વિભાભાઈ શિયાળ, રાણા, વિભાભાઈ શિયાળ અને વશરામ ભીખાભાઈ શિયાળના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે તે ઘરેથી બાઈક લઈ સરધાર જતો હતો ત્યારે રસ્તામાં તળાવ પાસે ઉભો હતો ત્યારે આરોપીઓએ અગાઉ મારામારીનો કેસ થયેલો હોય જે કેસમાં કોર્ટમાં સમાધાન કરવાનું કહેતા તેઓ સમાધાન કરવાની ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ લાકડી અને પાઈપ વડે હુમલો કરી હાથ ભાંગી નાખ્યો હતો. જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે આજીડેમ પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દારૂ પીવા સાથે આવવાની ના પાડતા રીક્ષા ચાલકને ધોકાવ્યો કોઠારિયા રોડ પર વિજયનગર શેરી નં. ૨માં રહેતો રીક્ષાચાલક કિશોરભાઈ હેમરાજભાઈ અહેમદાવાદી (ઉ.વ.૪૯) ગત રાત્રે સુખરામનગર શેરી નં. ૩ માં હતો ત્યારે દેવરાજ ગઢવીએ દારૂ પીવા સાથે આવવાનું કહેતા તેણે ના પાડી હતી જેથી આરોપીએ ધોકા વડે હુમલો કરી માર મારતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

# મવડી પ્લોટના કારખાનેદાર સાથે ઓનલાઈન રૂા.૨.૧૮ કરોડની ઠગાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં મવડી પ્લોટમાં કિચનવેર નું કારખાનું ધરાવતા વૃદ્ધ સાથે સાયબર ગઠીયા છેતરપિડી કરી અધધ રૂપિયા ૨.૧૮ કરોડ પડાવી લેતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. આ અંગેની માહિતી મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીગબજાર પાછળ બ્રહ્મકુંજ સોસાયટી.૨માં રહેતા અને મવડી પ્લોટમાં સામુ ઈન્ડઝટ્રીઝ પ્રા.લી નામે કીચન વેરનુ કારખાનું ધરાવતા ચમનલાલ હરખાભાઈ બોરાણીયા બરનુ ચરબીનુ હ જાતે પટેલ (ઉ.વ ૬૮)એ સાયબર પોલીસમાં નોંધાવી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા ૦૫/૦૬/૨૦૨૩ ના રોજ અમોને વોટસએપમા નંબર + ૨૩૪ ૭૦૮ ૨૫૨ ૧૮૩૮ માથી અમારા વોટસએપમા મેસેજ આવેલ કે તેને અમારી કંપની જે વસ્તુ નુ મેન્યુફેક્ચરીંગ કરે છે તે વસ્તુ વસ્તુ નો અમને માલ ખરીદી કરવાનો ઓર્ડર આપેલ અને તેણે તેનુ નામ વીલીયમ ફ્રેંક લીંગ જણાવ્યું હતું તેમજ અલગ અલગ મેઈલ આઈ.ડી માથી પણ ઈન્કવાયરી માટે અને ઓર્ડરે મેઈલ કર્યા હતા આરોપી ગઠિયાએ કે જેને પોતાનું નામ વિલીયમ ફ્રેકલીંગ જણાવ્યું હતું તેમને વેપારીને ફલ રૂ.૩૧ કરોડ ના માલ ની ખરીદી માટે નો નો ઓર્ડર આપેલ હતો.અને અમોને જણાવેલ કે તેઓ નાઈઝર ડેલ્ટા ડેવલોપમેન્ટ કમીશન કે જે નાઈઝીરીયન ગવર્મેન્ટ માટે કામ કરે છે તેના માટે આ ઓર્ડર આપેલો છે અને આ તમામ વસ્તુ તેના ઉપયોગમાં લેવામાં આવવાની છે. જેથી આ ઓર્ડર લેવા માટે વેપારીને ૧૫,૦૦૦ ડોલર અલગ-અલગ ટેક્સના ભાગ રૂપે તેમનામાં જમા કરાવ્યા બાદ ઓર્ડર કન્ફર્મ થશે. આમ વાત કરી તેને વેપારીને અલગ અલગ એકાઉન્ટ નંબર મોકલીયા હતા. જેમાં વેપારીએ કટકે કટકે કુલ ૨.૧૮ કરોડ ટ્રાન્સફર કરી આપ્યા હતા. સમય જતા આરોપીએ કોઈપણ પ્રકારનો ઓર્ડર ન આપી અને ઓર્ડર માટેના પૈસા ન મોકલતા વેપારીને પોતાની સાથે છેતરપિડી થયા હોવાનું માલુમ પડ્યું હતું જેથી તેઓએ સાઈબર પોલીસમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોટાભાઈની કારમાં ગયેલા કારખાનેદારનું શંકાસ્પદ મોત

## ભાઈની કારમાં રામધણ આશ્રમ તરફ ગયા બાદ ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયાઃ બનાવ હત્યા કે શું? પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મવડી પ્લોટમાં સંસ્કાર સિટીમાં રહેતા ૩૮ વર્ષિય યુવા કારખાનેદારનું તેમના મોટાભાઈ સાથે કારમાં રામધણ આશ્રમ પાસે ભેદી સંજોગોમાં મોત થતાં રહસ્યના આટાપાટા સર્જતા આ બનાવમાં પોલીસે તપાસ શરૂ કરી છે. મોટાભાઈ સાથે પોતાની કારમાં બેઠેલા કારખાનેદારને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. ફોરેન્સીક પોસ્ટ મોર્ટમમાં માથામાં ઈજા થવાથી મોત થયાનો તબીબોએ અભિપ્રાય આપ્યો છે. ત્યારે આ મામલો હત્યાનો છે કે ? આકસ્મીક મોતનો ? તે મામલે તાલુકા પોલીસ તપાસ ચલાવી રહી છે. મળતી વિગતો મુજબ, શહેરના મવડી પ્લોટમાં સંસ્કાર સિટીમાં રહેતા અને કારખાનું ચલાવતાં ૩૮ વર્ષિય ધર્મેન્દ્ર છગનભાઈ રૈયાણીને ગઈકાલે સિવિલ હોસ્પિટલમાં રાત્રે ૧૧ વાગ્યે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. ઈજાગ્રસ્ત હાલતમાં બેભાન અવસ્થામાં સારવાર માટે દાખલ કરાયેલા ધર્મેન્દ્ર રૈયાણીનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. યુવા કારખાનેદારના મોતનું કારણ જાણવા ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું હતું. જેમાં તબીબોએ માથામાં ઈજા હોવાનો અભિપ્રાય આપ્યો હતો. આ મામલે તાલુકા પોલીસ મથકના પીઆઈ હરીપરા સહિતના સ્ટાફે હાલ પ્રાથમિક તપાસ કરતાં ઈજાગ્રસ્ત મળેલા ધર્મેન્દ્ર રૈયાણીના રહસ્યમ્ય મોતમાં પરિવારજનોના નિવેદનો લેવા તજવીજ હાથ ધરાઈ છે. મૃતક ધર્મેન્દ્ર રૈયાણી બે ભાઈમાં નાના હતાં અને તેમને સંતાનમાં બે દિકરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળતી માહિતી મુજબ, ધર્મેન્દ્રભાઈ પોતાના મોટાભાઈ પ્રશંસા રૈયાણી સાથે તેની જ કારમાં રામધણ આશ્રમ પાસે હતાં ત્યારે તે ગાડીમાંથી પડી ગયા હોય અને તેમને ઈજા થયાનું તેમના મોટાભાઈ પ્રશાંત રૈયાણીએ જણાવ્યું હતું. જો કે પોલીસને પ્રશાંત રૈયાણીએ આપેલી માહિતીમાં કશુ છુપાવતાં હોવાનું લાગી રહ્યું છે. ૩૮ વર્ષિય કારખાનેદાર કારમાંથી પડી ગયા અને તેનું મોત થયું તે વાત પોલીસના ગળે ઉતરતી નથી અને બીજી તરફ તબીબોએ માથામાં ઈજા થઈ હોવાનો અભિપ્રાય આપ્યો છે ત્યારે આ રહસ્યમ્ય બનાવનો ભેદ ઉકલવા પોલીસે સીસીટીવી ફુટેજ ઉપર તપાસ કેન્દ્રીત કરી છે.

# ભાવનગરમાં રેલ્વે કર્મચારી ૧૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો

**મુખ્ય સમાચાર,ભાવનગર**



ભાવનગર રેલવે કર્મચારીના ઓ.એસ. રૂ. ૧૫ હજાર ની લાંચ લેતા અમદાવાદ એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ કાળુભાઈ ધીરૂભાઈ દુબલ, ઓ.એસ (વર્ગ - ૩ ), નિર્માણ શાખા ડી.આર.એમ કચેરી,પશ્ચિમ રેલવે, ભાવનગર ને રેલવે કોમ્યુનિટી હોલ ની સામે, ડી.આર.એમ ઓફીસ ની બાજુમાં, રેલવે કોલોની, ભાવનગર પરા ખાતેથી એસીબીના સ્ટાફે મળેલ ફરીયાદ ના આધારે રૂ.૧૫૦૦૦ની લાંચ લેતા આ ઝડપી લીધો હતો.

આ કામના ફરીયાદી રેલવે નાં ઈલેકટ્રિક કોન્ટ્રાકટર અને રેલવે તરફ થી આપવા માં આવતી એન.ઓ.સી મેળવી આપવા ની કનસલ્ટનસી નું કામ કરે છે. તેઓ એ ગામ- લીમડી જી. સુરેન્દ્રનગર ની રેલવે ની હદ નજીક ની જમીન માં બાંધકામ કરવા માટે એન.ઓ.સી મેળવવા તા.૨૦/ ૫/૨૨ નાં રોજ અરજી કરેલ હતી, અને આશરે ચાર મહીના અગાઉ તે એન.ઓ.સી ભાવનગર ડી.આર.એમ ઓફીસે આવી ગયેલ હોવાનું જાણવા મળતા ફરીયાદી એન.ઓ.સી લેવા માટે ગયેલ હતા, પરંતુ ત્યાં એન.ઓ.સી ઈશ્યુ કરવા નું કામ કરતા આરોપી તેમની પાસે લાંચ ની માંગણી કરતા હતા, અને ધક્કા ખવડાવતા હતા,

# કરોડોની જામીન પ્રકરણમાં બિલ્ડર કમલેશ રામાણીની ધરપકડ સામે હાઈકોર્ટે આપ્યો સ્ટે

## પોલીસે લૂંટની ખોટી ફરીયાદ લઈ જમીનનું સેટલમેન્ટ કરાવવા બળજબરીથી નામ લખાવ્યાની રજુઆત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મેંગો માર્કેટ ખાતે આવેલી જમીનની તકરારમાં લુંટની કલમો લગાડી ખોટી ફરિયાદ દાખલ કરી સહ આરોપી પાસેથી બળજબરીથી બીલ્ડર કમલેશ રામાણીનું નામ ખોલાવી કાવત્રાની કલમોનો ઉમેરો કરી કમલેશ રામાણીનું નામ ખોલાવતા બીલ્ડરે ગુજરાત હાઈકોર્ટમાં કાર્યવાહી કરતા હાઈકોર્ટ દ્વારા ધરપકડ સામે મનાઈ હુકમ આપેલ છે. આ કેસની હકિકત મુજબ મનસુખભાઈ શીવાભાઈ તલસાણીયાએ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ કે, રાજકોટના કુવાડવા રોડ ઉપર આવેલ મેંગો માર્કેટ પાસે આવેલ રેવન્યુ સર્વે નં. ૩૭, ૧ અને ૨ ની જમીન કે જે કરોડો રૂપીયાની છે તે જમીન ફરિયાદી તથા તેના ભાગીદારોએ જમીનના મુળ માલીક દીલીપભાઈ કરશનભાઈ મકવાણા પાસેથી અવેજ આપી સાટાખત કરાવી ખરીદ કરેલ. જે જમીનમાં સીસીટીવી કેમેરા કીમત રૂા.૧૮,૦૦૦/- ના રાખેલ હતા અને આ કેમેરા તા.૨૪/૭/૨૪ ના રોજ મયુર રૂપારેલીયા તથા અન્ય બે ઈસમો ચોકીદારને માર મારી લુંટ કરી ગયાની હકિકત જણાવેલ.ફરિયાદના અનુસંધાને આરોપી મયુર રૂપારેલીયાની ધરપકડ કરેલ અને કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માંગણી કરેલ અને ઉપરોકત કેમેરા બીલ્ડર કમલેશ રામાણીની ઓફીસમાંથી કબ્જે કરેલ અને રિમાન્ડ પૂર્ણ થતા આરોપી મયુરને કોર્ટમાં રજુ કરેલ અને તે વખતે આરોપી મયુરે તેમના વકીલ મારફત અદાલતમાં એક લેખીત ફરિયાદ આપેલ અને જણાવેલ કે, પોલીસે બળજબરીથી અને માર મારવાની ધમકી આપી બીલ્ડર કમલેશ રામાણી તથા ભુપત ભરવાડનું નામ લખી આપવાનુ જણાવેલ. ઉપરોક્ત વીગતો આવતા પોલીસે કાવત્રાની કલમોનો ઉમેરો કરી જમીન માલીક દીલીપભાઈ મકવાણા, બીલ્ડર કમલેશ રામાણી, ભુપત ભરવાડ વીગેરેનુ કાવત્રામાં સામેલ હોવાનો કેસ ઉભો કરેલ.ઉપરોક્ત વીગતે બીલ્ડર કમલેશ રામાણીનુ નામ ખુલતા તેઓએ ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમી. પ્રોસી. કોડની કલમ ૪૮૨ હેઠળ કોશીગ પીટીશન કરેલ અને રજુઆત કરેલ કે, વાદગ્રસ્ત જમીન સાથે અમારે કોઈ લેવાદેવા નથી અમારૂ જમીનમાં કોઈ હીત નથી, જમીન માલીક તેમજ ફરિયાદી વચ્ચે સીવીલ મેટર ચાલુ છે અને લુંટની ખોટી ફરિયાદ લઈ જમીનનું સેટલમેન્ટ કરાવવા બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ દ્વારા પ્રયત્ન થઈ રહ્યા છે. વધુમાં અરજદારે દસ્તાવેજી પુરાવાઓ સાથે એવી રજુઆત કરેલ કે, અરજદારના કુટુંબીજનોના નામે વીરાણી સ્કુલનુ ટ્રસ્ટ ચાલુ છે તેમાં પી.આઈ.ના પુત્રએ કેન્ટીન બનાવવા માટે અરજી કરેલી જે અરજી નામંજુર કરેલી જેનો ખાર રાખી બી ડીવીઝનના પી. આઈ.એ બદલો લેવાની ભાવનાથી કાર્યવાહી કરી રહ્યા છે.આ કેસમાં અગાઉ જમીન માલીક દીલીપભાઈ મકવાણાની અરજીમાં બી ડીવીઝનની શંકાસ્પદ વર્તણુક જોતા તાત્કાલીક અસરથી પી.એસ.આઈ. કે.ડી. મારૂની બીનસંવેદનશીલ જગ્યાએ ટ્રાન્સફર કરવાનો હુકમ કરેલ છે અને જમીનના માલીકની ધરપકડ સામે પણ મનાઈ હુકમ આપેલ છે. ઉપરોક્ત હકિકત તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટે કમલેશ રામાણીની ધરપકડ સામે મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી બીલ્ડર કમલેશ રામાણી વતી હાઈકોર્ટમાં સીનીયર એડવોકેટ નીરૂપમભાઈ નાણાવટી, આશીષભાઈ ડગલી, રાજકોટના એડવોકેટ પીયુષ એમ શાહ, અશ્વીન ગોસાઈ, નીવીદ પારેખ, નીતેશ કથીરીયા, જીતેન્દ્ર ધુળકોટીયા, વીજય પટગીર, હર્ષીલ શાહ, ચીરાગ શાહ અને આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા રોકાયેલા હતા.

# સગર્ભાને પ્રસુતિ પીડા થતા ૧૦૮ના સ્ટાફે રસ્તામાં જ ડિલવરી કરાવી

**મુખ્ય સમાચાર,પોરબંદર**

પોરબંદરના રોધડા ગામની પરણીતાને પ્રસૂતિની પીડા ઉપડતા સારવાર માટે તેને ઉપલેટા લઈ જવાતી હતી ત્યારે રસ્તામાં તેની પીડા વધી જતા ૧૦૮ વાનમાં પ્રસૂતિ કરાવવાની ફરજ પડી હતી. પોરબંદર પંથકના કુતીયાણા ૬૨ના તાલુકાના રોધડા ગામમાં મહિલા ને પ્રસુતિ ની પીડા ઉપાડતા તુરંત તાત્કાલિક ૧૦૮ નો સંપર્ક કરાયો હતો જેથી નજીકની માણાવદર ૧૦૮ એમ્બ્યુલન્સ ને રોધડા ગામ નો કેસ મળતા ની સાથેજ તાત્કાલિક સ્થળ પર જવા નીકળી ગયેલા માણાવદર ૧૦૮ના ફરજ પર ના કર્મચારી ડો. સુરેશ કોરીયા અને પાઈલોટ પંકજ મારડીયા સ્થળ પર પહોંચી ને તપાસ કરતા જણાયું કે મહિલા ને પ્રસુતિની અસહ્ય પીડા થઈ રહી છે તુરંત મહીલાને એમ્બ્યુલન્સમા લઈ ઉપલેટા હોસ્પીટલ જવા નીકડી જયેલ પરંતુ રસ્તામા એમ્પ્યુલન્સમાં તેની ડિલિવરી કરવી પડે એમ હતી જે થી તાત્કાલિક ઈ.એમ.ટી. સુરેશભાઈ દ્વારા એમ્બ્યુલન્સમાં મહિલા ની ડીલેવરી કરવી પડશે તેવુ લાગતાજ સુરેશ ભાઈ ત્વરિત ૧૦૮ના ઉપરી અધિકારી ની મુજબ જરૂરી સારવાર સાથે એમ્બ્યુલન્સ પરજ કુશળતાપૂર્વક સફળ ડિલિવરી કરાવી હતી અને સાથે જન્મેલા બાળકને પણ કાળજીપૂર્વક સારવાર કરી ને તેમને નજીકના સરકારી દવાખાને ઉપલેટા ખાતે સારવાર આપતાં આપતાં લઈ ગયેલ જ્યાં ફરજ પરના હાજર તબીબ અને રોધડા ગામના લોકો તેમજ દર્દી સગા એ તેમને પ્રસંશા કરેલ હતી તેમજ મુખ્ય જિલ્લાના અધિકારી મહેન્દ્રસિંહ ચોહાણ તેમજ અધિકારી જયેશિંગરી દ્વારા માણાવદર ૧૦૮ના બંને કર્મચારી ને પ્રશંસા કરી સારી કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતાં.